
# કર્મની ગતિ ન્યારી



શ્રીરામ શર્મા આચાર્ય

# કર્મની ગતિ ન્યારી

લેખક
પં૦ શ્રીરામ શર્મા આચાર્ય

પ્રકાશક

**યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ**
**ગાયત્રી તપોભૂમિ, મથુરા.**
ફોન (૦૫૬૫) ૨૫૩૦૧૨૮, ૨૫૩૦૩૯૯
મો૦ ૦૯૯૨૭૦૮૬૨૮૭, ૦૯૯૨૭૦૮૬૨૮૯
ફેક્સ (૦૫૬૫) ૨૫૩૦૨૦૦

પ્રાપ્તિ સ્થાન
શાખા અમદાવાદ
ગાયત્રી જ્ઞાનપીઠ, પાટીદાર સોસાયટી,
જૂના વાડજ, અમદાવાદ-૩૮૦ ૦૧૩
ફોન ૦૭૯-૨૭૫૫૭૨૫૨

**સુધારેલી આવૃત્તિ-૨૦૧૨ કિંમત રૂા. ૯.૦૦**

# પ્રસ્તાવના

નિઃસંદેહ કર્મની ગતિ અતિ ગહન છે. ધર્માત્માઓને દુઃખ અને પાપીઓને સુખ, આળસુને સફળતા અને ઉદ્યોગીને નિષ્ફળતા, વિવેકવાનો પર આપત્તિ અને મૂર્ખાઓને ત્યાં સંપત્તિ, દંભી અને પાખંડીઓને પ્રતિષ્ઠા અને સત્યનિષ્ઠોને તિરસ્કાર મળે છે એવાં અનેક ઉદાહરણો આ દુનિયામાં જોવા મળે છે. કોઈ જન્મતાં જ વૈભવ લઈને પેદા થાય છે, તો કોઈને જન્મીને જીવનભર એકલાં દુઃખો જ ભોગવવાં પડે છે. સુખ અને સફળતાના જે નિયમો નક્કી કરેલા છે તે સંપૂર્ણ પળાતા હોય તેવું બનતું નથી.

આ બધી વાતો જોતાં ભાગ્ય, ઈશ્વરની ઇચ્છા, કર્મની ગતિના સંબંધમાં અનેક પ્રકારના પ્રશ્નો અને શંકા-કુશંકાઓની ઝડી વરસે છે. આ શંકાઓ અને પ્રશ્નોનું જે સમાધાન પ્રાચીન પુસ્તકોમાં મળે છે તેનાથી આજના તર્કવાદી યુગમાં સંતોષકારક સમાધાન થતું નથી. પરિણામે નવી પેઢી પશ્ચિમના સિદ્ધાંતો તરફ વળતી જાય છે જેના આધારે ઈશ્વર અને ધર્મને ઢોંગ સમજે છે. મનુષ્યનું નિર્માણ પંચ તત્ત્વોમાંથી થયાનું દર્શાવવામાં આવે છે. આત્માના અસ્તિત્વનો ઇન્કાર કરવામાં આવે છે. કર્મોનું ફળ આપવાની શક્તિ રાજ્યશક્તિ સિવાય બીજા કોઈ પાસે નથી. ઈશ્વર અને ભાગ્ય જેવું કશું છે જ નહીં વગેરે નાસ્તિક વિચારો નવી પેઢીમાં ઘર કરતા જાય છે.

આ પુસ્તકમાં વૈજ્ઞાનિક અને આધુનિક દૃષ્ટિકોણથી કર્મની ગતિ પર વિચાર કરવામાં આવ્યો છે અને બતાવવામા આવ્યું છે કે જે કંઈ ફળ મળે છે તે પોતાના જ કર્મને કારણે છે. મારું માનવું છે કે આ પુસ્તક કર્મફળ સંબંધી જિજ્ઞાસાઓનું કેટલાક અંશે ચોક્કસ સમાધાન કરશે.

***-શ્રીરામ શર્મા આચાર્ય***

# ચિત્રગુપ્તનો પરિચય

***નયંતિ નરકં નૂનં માત્માનો માનવાન હ્તઃ ।***
***દિવં લોકં ચ તે તુષ્ટા ઈત્યુચુર્મન્ત્ર વેદિનઃ ॥***

***પંચાધ્યાયી***

ઉપરોક્ત શ્લોકમાં કહેવામાં આવ્યું છે કે, હણાયેલો આત્મા નક્કી મનુષ્યને નરકમાં લઈ જાય છે અને સંતુષ્ટ થયેલો આત્મા દિવ્યલોકમાં લઈ જાય છે.

આ શ્લોકમાં સ્વર્ગ અને નરક કઈ રીતે મળે છે એ મૂંઝવણને ઉકેલવામાં આવી છે. ગરુડ-પુરાણમાં આના સંદર્ભમાં એક અલંકારિક વર્ણન આવે છે. એમાં કહેવામાં આવ્યું છે કે યમલોકમાં 'ચિત્રગુપ્ત' નામના દેવતા દરેક જીવનાં ખરાં ખોટાં કર્મોનો હિસાબ રાખે છે. જ્યારે પ્રાણી મરીને યમલોકમાં જાય છે ત્યારે તેનો હિસાબ રજૂ કરવામાં આવે છે અને તેના આધારે સારાં કર્મો હોય તો સ્વર્ગ અને ખરાબ કર્મો હોય તો નરક આપવામાં આવે છે. સામાન્ય દૃષ્ટિએ વિચારતાં ચિત્રગુપ્તનું અસ્તિત્વ કાલ્પનિક લાગે છે, કારણ કે પૃથ્વી ઉપર અબજો મનુષ્યો રહે છે, વળી એવી જ કહેવાતી ચોરાસી લાખ યોનિઓ જેમાંની અનેક તો મનુષ્ય જાતિ કરતાં પણ અનેક ઘણી વધારે છે. આ બધી સંખ્યા ગણવામાં આવે તો એટલી બધી વધારે થઈ જાય છે કે આપણું અંકગણિત પણ ગણવા માટે નાનું પડે, તો પછી આટલાં બધાં અસંખ્ય પ્રાણીઓ દ્વારા પળે પળે કરવામાં આવતાં કર્મોનો હિસાબ સતત, જરાય વિશ્રામ કર્યા વિના અનેક જન્માંતરો સુધી લખતા રહેવું તે એક દેવતા માટે મુશ્કેલ છે. આ રીતે જોતાં ચિત્રગુપ્તનું કાર્ય અસંભવ લાગે છે. આ કથાને એક કલ્પના માનવામાં આવે
તો ચિત્રગુપ્તનું અસ્તિત્વ પણ શંકાસ્પદ બની જાય છે.

આધુનિક સંશોધનોએ ઉપરોક્ત અલંકારિક વર્ણનમાંથી ખૂબ જ મહત્ત્વપૂર્ણ સત્યને શોધી કાઢ્યું છે, ડોક્ટર ફ્રોઈડ

મનુષ્યની માનસિક રચનાનું વર્ણન કરતાં જણાવ્યું છે કે જે પણ ખરાં ખોટાં કામો જ્ઞાનવાન પ્રાણીઓ દ્વારા કરવામાં આવે છે, એની સૂક્ષ્મ નોધ અંતઃચેતનામાં થતી હોય છે, ગ્રામોફોનની રેકોર્ડમાં ગીતો રેખાના રૂપમાં ભરી દેવામાં આવે છે. સંગીત-શાળામાં નાચગાન થઈ રહ્યું હોય, સાથે અનેક પ્રકારનાં વાજિંત્રો પણ વાગતાં હોય છે, આ વિવિધ પ્રકારની ધ્વનિઓની વિદ્યુત-શક્તિથી એક પ્રકારની સંક્ષિપ્ત અને સૂક્ષ્મ રીતે નોંધ થાય છે અને રેકોર્ડની ખૂબ જ નાની એવી જગ્યામાં રેખાઓની જેમ નોંધ થતી જાય છે. તૈયાર કરેલી રેકોર્ડ રાખવામાં આવે છે પણ એ એની મેળે અથવા જ્યારે ઇચ્છે ત્યારે વાગવા માંડતી નથી. પરંતુ સંગ્રહિત ધ્વનિઓને પ્રગટ કરે છે. ગ્રામોફોનના મશીન પર ફેરવવામાં આવે છે અને સોયનું ઘર્ષણ તે રેખાઓ ઉપર થાય છે ત્યારે તે વાગવા માંડે છે. બરોબર આ જ રીતે ખરાં અને ખોટાં, જે કંઈ કામ કરવામાં આવે છે, તેની સૂક્ષ્મ રેખાઓ અંતઃચેતના ઉપર નોંધાતી જાય છે અને મનની અંદરના ખૂણામાં ધીમેધીમે સંગ્રહિત થતી જાય છે. જ્યારે રેકોર્ડના ખાંચામાં સોય ઘસાય છે ત્યારે તેમાં નોંધેલાં ગીતો સંભળાય છે, બરાબર એ જ રીતે ગુપ્ત મનમાં સંઘરાયેલી રેખાઓ કોઈક સંબંધિત પ્રસંગનો આઘાત લાગતાં જ પ્રગટ થવા લાગે છે.

ભારતના વિદ્વાનો 'કર્મરેખા'ની બાબતમાં ઘણા પ્રાચીન સમયથી ઉલ્લેખ કરતા આવ્યા છે. 'કર્મરેખા નહીં મટે રે, કરો કોઈ લાખ ચતુરાઈ' વગેરે અનેક શ્લોકો, યુક્તિઓ અને પદો હિંદી તથા સંસ્કૃત સાહિત્યમાં જોવા મળે છે. આ ઉપરથી જાણી શકાય છે કે કર્મોની કોઈ રેખાઓ હોય છે, જે પોતાનું ફળ આપ્યા વિના ભૂંસાતી નથી. ભાગ્યની બાબતમાં એવું માનવામાં આવે છે કે કપાળના આગળના હાડકા ઉપર કેટલીક રેખાઓ ઉપર બ્રહ્મા કંઈક લખી નાખે છે જેને વિધિના લેખ કહેવામાં આવે છે, જેને ભૂંસનાર કોઈ નથી. ડૉકટર વિવૅન્સે માથામાં

ભરેલા ગ્રેમેટર (ભૂરો ચરબી જેવો પદાર્થ)નું સૂક્ષ્મદર્શક યંત્રોની મદદથી સંશોધન કરતાં ત્યાંના એકે એક પરમાણુમાં અગણિત રેખાઓ જોવા મળી છે. આ રેખાઓ કેવી રીતે બને છે તેનું કોઈ પ્રત્યક્ષ શારીરિક કારણ જોવા ન મળ્યું, ત્યારે તેમણે અનેક મગજોના પરમાણુઓની સરખામણી કરીને એવો નિષ્કર્ષ કાઢ્યો છે કે નિષ્ક્રિય, આળસુ તથા વિચારશૂન્ય પ્રાણીઓમાં એ રેખાઓનું પ્રમાણ ખૂબ જ ઓછું હોય છે, જ્યારે કર્મનિષ્ઠ તથા વિચારવાન પ્રાણીઓમાં આ રેખાનું પ્રમાણ ઘણું વધારે હોય છે. આથી આ રેખાઓ શારીરિક તથા માનસિક કાર્યોને સંક્ષિપ્ત અને સૂક્ષ્મ રૂપથી લિપિબદ્ધ કરનાર સાબિત થઈ છે. ગ્રેમેટરના પરમાણુઓ પર સારાં-ખોટાં કર્મોનું રેખાંકન (જેને અંતઃચેતનાનો સંસ્કાર કહેવાય) પૌરાણિક ચિત્રગુપ્તની વાસ્તવિકતાને સિદ્ધ કરે છે. ચિત્રગુપ્ત શબ્દનો અર્થ પણ કંઈક આવો જ અર્થ પ્રગટ કરે છે. ગુપ્ત ચિત્ર, ગુપ્ત મન, અંતઃચેતના, સૂક્ષ્મ મન, પાછલું મગજ, આંતરિક છાયા વગેરે, આ શબ્દોના ભાવાર્થને જ 'ચિત્રગુપ્ત' શબ્દ પ્રગટ કરે છે. 'ચિત્ત' શબ્દને ઝડપથી લખતાં 'ચિત્ર' જેવું લખાઈ જાય છે. સંભવ છે કે 'ચિત્ત'માંથી બગડીને 'ચિત્ર' થઈ ગયું હોય, અથવા પ્રાચીનકાળમાં 'ચિત' અને 'ચિત્ર' એક જ અર્થના પર્યાયવાચી શબ્દો હોય. કર્મોની રેખાઓ એક પ્રકારનાં ગુપ્ત ચિત્રો જ છે. તેથી જ તો આ નાનાં અંકનોમાં ગુપ્તરૂપે સૂક્ષ્મરૂપે મોટાં મોટાં ઘટનાચિત્રો છુપાયેલાં હોય છે. આ ક્રિયાપ્રણાલીને ચિત્રગુપ્ત માની લેવાથી પ્રાચીન શોધ ચિત્રગુપ્તનું સમન્વય થઈ જાય છે.

આ ચિત્રગુપ્ત નિઃસંદેહ દરેક પ્રાણીના દરેક કાર્યને સતત, વગર વિશ્રામે, પોતાના ચોપડામાં લખતો રહે છે. બધાંનો અલગ અલગ ચિત્રગુપ્ત છે, જેટલાં પ્રાણી છે તેટલા ચિત્રગુપ્ત છે. આથી એ શંકા નથી રહેતી કે આટલું મોટું મહાન કાર્ય કેવી રીતે પૂરું થતું હશે. સ્થૂળ શરીરનાં કાર્યોની સુવ્યવસ્થિત

જાણકારી સૂક્ષ્મ ચેતનામાં નોંધાતી રહે તો, તે કોઈ આશ્ચર્યની વાત નથી. પૌરાણિક ચિત્રગુપ્ત એક છે અને અહીં અનેક ચિત્ર-ગુપ્તની વાત આવી. આ શંકા પણ એટલી બધી ગહન નથી. દિવ્ય શક્તિઓ વ્યાપક હોય છે. વાંચકો જાણે છે કે પ્રાણ તત્ત્વ એક છે, પણ તેના અંશો વિવિધ વ્યક્તિઓમાં દષ્ટિગોચર થતા હોય છે. આત્મા અને પરમાત્મામાં વ્યષ્ટિ અને સમષ્ટિનો જ ભેદ છે, તેમ છતાં બંને એક જ છે. ઘટાકાશ અન મહાકાશનો એવો જ ભેદ છે. ઈન્દ્ર, વરુણ, અગ્નિ, શિવ, યમ આદિ દેવતા સૂચક સૂક્ષ્મતત્ત્વને વ્યાપક માનવામાં આવે છે. જેવી રીતે બગીચાની હવા, ગંદી ગટરની હવા વગેરે સ્થાન-ભેદથી અનેક નામો હોવા છતાં મૂળ તો વિશ્વવ્યાપક વાયુ તત્ત્વ એક જ છે, એ જ રીતે અલગ અલગ શરીરોમાં રહીને અલગ અલગ કામ કરનાર ચિત્રગુપ્ત પણ એક જ તત્ત્વ છે.

આ દરેક વ્યક્તિનાં કાર્યોનો હિસાબ કયા આધારે, કેવો અને કઈ રીતે, કેટલો અને કેમ લખે છે, તે આગળની પંક્તિઓમાં બતાવવામાં આવશે, તથા ચિત્રગુપ્ત દ્વારા લખવામાં આવેલી કર્મરેખાઓને આધારે સ્વર્ગ અને નરકનું વર્ણન તથા તેને પ્રાપ્ત થવાની વ્યવસ્થા વગેરે પર પ્રકાશ પાડવામાં આવશે.

આગળ જણાવ્યા મુજબ આપણું ગુપ્ત ચિત્ર અંતર્મન જ સતત ચિત્રગુપ્ત દેવતાનું કામ કરતું હોય છે. જે કંઈ આપણે ખરાં-ખોટાં કર્મો કરીએ છીએ તેનું સૂક્ષ્મ ચિત્ર ઉતારી-ઉતારીને પોતાની અંદર સંઘરે છે. સિનેમાના પડદા ઉપર માનવીની બરોબર લાંબી-પહોળી તસ્વીર દેખાય છે, પણ તેની ફિલ્મ તો ફક્ત એક ઈંચ જ લાંબી હોય છે. એ જ રીતે પાપ-પુણ્યનો ઘટનાક્રમ તો વિશાળ હોય છે, પણ એનું સૂક્ષ્મ ચિત્ર તો એક નાનકડી રેખામાં જ ખેંચાઈ જાય છે અને એ રેખા ગુપ્ત મનના કોઈક પરમાણુ પર અદશ્ય રૂપે જઈને બેસી જાય છે. શોર્ટહેન્ડ લખનારાઓ લાંબી વાતને થોડીક આડીઅવળી રેખાઓ વડે એક

નાનકડા કાગળના ટુકડા પર લખી દેતા હોય છે. કર્મ રેખાને આવો જ દૈવી શૉર્ટહેન્ડ સમજવો જોઈએ.

વાચકો એટલું તો પહેલેથી જ જાણતા હશે કે મનના બે ભાગ છે. એક અંતર્મન અને બીજું બાહ્ય મન. બાહ્ય મન તો તર્કવિતર્ક કરે છે, વિચારે છે, બાંધછોડ કરે છે, નિર્ણય કરે છે અને પોતાના નિર્ણયને બદલ્યા કરતું હોય છે, પણ અંતર્મન તો ભોળુ છતાં દૃઢ નિર્ણયવાળા બાળક જેવું છે, તે બાંધછોડ કરવાને બદલે શ્રદ્ધા અને વિશ્વાસને આધારે કામ કરે છે. બાહ્ય મન તો વિચારતું હોય છે કે પાપકર્મોની રેખાઓ પોતાના પર પડવા ન દઉં અને પુણ્યકર્મોની રેખાઓમાં વધારો કરી પાડી દઉં, જેના કારણે પાપનું ફળ ભોગવવું ન પડે અને પુણ્ય ફળનો ભરપૂર આનંદ મળે. પરંતુ અંતર્મન એવું નથી. તે તો સત્યનિષ્ઠ જજની જેમ ન્યાય આપે છે. કોઈ લોભ, લાલચ, ભય, સ્વાર્થ વગેરે તેને પ્રભાવિત કરી શકતાં નથી. કહેવાય છે કે મનુષ્યની અંદર એક ઈશ્વરીય શક્તિ રહેલી હોય છે અને બીજી શેતાની. તમે ગુપ્ત મનની ઈશ્વરી શક્તિ અને તર્ક, છળકપટ, સ્વાર્થ અને લોભમાં રત રહેનાર બાહ્ય મનને શેતાની શક્તિ કહી શકો છો. બાહ્ય મન દગાબાજી કરી શકે છે, પરંતુ અંતર મન તો સત્યરૂપી આત્માનું તેજ છે, તે નથી તો માયાવી આવરણ પાથરતું કે નથી છળકપટ કરતું. નિષ્પક્ષ રહેવું તેનો સ્વભાવ છે. આથી જ ઈશ્વરે તેને આટલું મહત્ત્વપૂર્ણ કાર્ય સોંપ્યું છે. દુનિયા તેને ચિત્રગુપ્ત દેવતા કહે છે. જો તે પણ પક્ષપાત કરતો હોત તો તેને આટલી મોટી ન્યાયાધીશની પદવી કેવી રીતે મળત ? આપણું ગુપ્ત મન ખાનગી જાસૂસની જેમ દરેક ક્ષણે સાથે જ રહે છે અને જે કંઈ ખરાં-ખોટાં કામો કરવામાં આવે છે તેની નોંધ પોતાની ખાનગી ડાયરીમાં લખતું રહે છે.

બાહ્ય જગતમાં ગુનેગારને સજા આપવાનું કામ બે

ખાતાંઓ પાસે છે. એક પોલીસ, બીજું અદાલત. પોલીસ ગુનેગારને પકડે છે અને તેના ગુનાના પુરાવા એકઠા કરીને અદાલતની સામે રજૂ કરે છે, પછી અદાલત પોતાનું કામ કરે છે. જજ મહાશય અપરાધ અને અપરાધીની સ્થિતિ વિશે અનેક રીતે વિચાર કરે છે અને પુરાવાને આધારે યોગ્ય ફેંસલો આપે છે. એક જ ગુનામાં પકડાયેલા ગુનેગારોને અલગ અલગ પ્રકારની સજા કરે છે. ત્રણ ખૂનીને પકડીને લાવવામાં આવ્યા. એકને તદ્દન નિર્દોષ જાહેર કરી છોડી મૂક્યો, બીજાને પાંચ વર્ષની સજા મળી, ત્રીજાને ફાંસી આપવામાં આવી. ખૂન ત્રણે જણાએ કર્યું હતું, પણ સજા આપતી વખતે ન્યાયાધીશે ઘણાં બધાં પાસાં પર વિચાર કર્યો. જેને છોડી દેવામાં આવ્યો હતો તે મકાન બનાવનાર મજૂર હતો. છત ઉપર કામ કરતી વખતે પથ્થરનો ટુકડો અચાનક તેના હાથમાંથી છટકી ગયો અને તે રસ્તામાં જતા મુસાફરના માથામાં લાગ્યો. માથું ફૂટી ગયું. મુસાફર મરી ગયો. ન્યાયાધીશે વિચાર્યું, હત્યા તો જરૂર થઈ છે, પણ મજૂર નિર્દોષ છે. અને તેણે જાણી જોઈને, બદઈરાદાથી પથ્થર ફેંક્યો ન હતો આથી તેને છોડી દેવામાં આવ્યો. બીજો ગુનેગાર એક ખેડૂત હતો. ખેતરમાં ચોરી કરતા ચોરને એવી લાકડી મારી કે ચોર મરી ગયો. મજિસ્ટ્રેટે વિચાર્યું, ચોરી કરતાં ચોરને જોઈને ગુસ્સો આવે તે સ્વાભાવિક છે પણ ખેડૂતની ભૂલ એટલી કે સામાન્ય અપરાધ માટે આટલું બધું મારવું જોઈતું ન હતું. આથી તેને પાંચ વરસની સજા મળી. ત્રીજો ગુનેગાર એક પ્રખ્યાત ડાકૂ હતો. એક ધનવાન પુરુષના ઘરમાં રાત્રે ઘૂસી ગયો અને તેનું ખૂન કરી તેની માલમિલકત ચોરી લાવ્યો. એનો અપરાધ ભયંકર હતો, આથી તેને ફાંસીની સજા આપવામાં આવી. ત્રણેય અપરાધીઓએ ખૂન કર્યાં હતાં. ગુનાનું બાહ્ય સ્વરૂપ એકસરખું હતું, પરંતુ ન્યાયાધીશ તો સૂક્ષ્મદૃષ્ટા હોય છે, તે બાહ્ય સ્વરૂપને જોઈને જ સજા નથી આપતો, પણ આંતરિક

ઝીણવટભરી તપાસ કર્યા પછી ખૂબ વિચાર કરીને જ ફેંસલો સંભળાવે છે. બાહ્ય દુનિયામાં ગુપ્તચિત્ર અથવા ચિત્રગુપ્ત પોલીસ અને અદાલત બંનેનું કામ એકલો જ કરે છે. જો પોલીસ ખોટો પુરાવો આપે તો અદાલતનો ફેંસલો પણ ખોટો હોઈ શકે. પરંતુ આંતરિક દુનિયામાં અંતઃકરણ બધું જ જાણે છે કે આ કામ ક્યા વિચારથી, કઈ ઇચ્છાથી, કઈ પરિસ્થિતિમાં કેમ કરવામાં આવ્યું હતું. ત્યાં બાહ્ય મનને પુરાવો અથવા સફાઈ કરવાની જરૂર રહેતી નથી, કારણ કે ગુપ્ત મન પોતે જ પૂરેપૂરી જાણકારી રાખે છે. આપણે જે ઇચ્છાથી, જે ભાવનાથી જે કામ કરીએ છીએ, તે ઇચ્છા અથવા ભાવનાથી જ પાપપુણ્યનું માપ નીકળે છે. ભૌતિક વસ્તુઓનું તોલમાપ બાહ્ય દુનિયામાં થાય છે. એક ગરીબ માનવી બે પૈસાનું દાન કરે છે અને એક ધનવાન આદમી દસ હજાર રૂપિયાનું દાન કરે છે, બાહ્ય દુનિયા તો પુણ્યનું માપ રૂપિયા પૈસાની ગણતરીના આધારે કરશે. બે પૈસા દાન આપનારની સામે કોઈ નજર પણ નહીં નાખે, પણ દસ હજાર રૂપિયા આપનારની પ્રશંસા ચારેબાજુ ફેલાઈ જશે. આંતરિક દુનિયામાં આવું તોલમાપ ચાલતું નથી. અનાજના દાણા રૂમાલમાં બાંધીને ગામમાં વાણિયાની દુકાને લઈ જાય તો તેના બદલામાં ગોળ આપી દેશે, પણ એ જ અનાજને ઈંગ્લૅંડની રાજધાની લંડનમાં જઈને કોઈક દુકાનદારને આપવામાં આવે તો કહેશે, મહાશય ! આ શહેરમાં અનાજના બદલામાં માલ આપવામાં આવતો નથી. અહીં તો પૌંડ, શિલિંગ અને પેન્સના સિક્કા ચાલે છે. બરાબર એ જ રીતે બાહ્ય દુનિયામાં પૈસાની ગણતરીથી, કામના ફેલાવા પરથી, કથાવાર્તાઓ દ્વારા, તીર્થયાત્રા વગેરે ભૌતિક વસ્તુઓથી યશ ખરીદી શકાય છે, પરંતુ ચિત્રગુપ્ત દેવતાના દેશમાં આ સિક્કા નથી ચાલતા. ત્યાં તે ઇચ્છા અને ભાવનાનાં તોલ-માપ થાય છે. તેના આધારે પાપ-પુણ્યનું જમા-ઉધાર કરવામાં આવે છે. ભગવાન કૃષ્ણે

અર્જુનને પ્રેરિત કરીને લાખો આદમીઓને મહાભારતના યુદ્ધમાં મરાવી નાખ્યા. લાશોથી ભૂમિ ઢંકાઈ ગઈ. લોહીની નદી વહી, છતાં અર્જુને જરાય પાપ ન લાગ્યું, કારણ કે હાડમાંસનાં બનેલાં કેટલાંય રમકડાં ફૂટી ગયાં, તેનો હિસાબ ચિત્રગુપ્તના દરબારમાં રાખવામાં આવ્યો નહીં. શું કોઈ રાજા એવો હિસાબ રાખે છે કે પોતાના ભંડારમાંથી કેટલા ચોખા ઢોળાઈ ગયા, પાંચ તત્ત્વોમાંથી બનેલી નાશવંત વસ્તુઓનો હિસાબ આત્માના દરબારમાં નથી. અર્જુનનો ઉદ્દેશ પવિત્ર હતો, તે પાપનો નાશ કરી ધર્મની સ્થાપના કરવા ઇચ્છતો હતો. બસ, આ જ ઇચ્છા ખાનગી રજિસ્ટરમાં નોંધાઈ ગઈ. આદમીઓના મરવા-જીવવાની સંખ્યાનો કોઈ જ હિસાબ લખવામાં ન આવ્યો. દુનિયામાં કરોડપતિની પ્રતિષ્ઠા ખૂબ હોય છે, પણ જો તેનું દિલ ખરાબ હશે તો ચિત્રગુપ્તના દરબારમાં ભિખારી તરીકે નોંધવામાં આવશે અને દુનિયાનો ભિખારી જો દિલનો ધનવાન હશે તો તેને હજારો બાદશાહોનો બાદશાહ ગણવામાં આવશે. આ રીતે મનુષ્ય જે કંઈ કામ કરી રહ્યો છે, તે કઈ ભાવનાથી કરી રહ્યો છે, તે ભાવના ભલાઈ અથવા બૂરાઈ જે પ્રકારની હશે, તેમાં નોંધી દેવામાં આવશે. સદ્ભાવથી ફાંસી આપનાર જલ્લાદને પણ પુણ્યાત્મા ગણવામાં આવશે અને એક ધાર્મિક અને ટીલાં-ટપકાં કરનાર પંડિત પણ ગુપ્તરૂપે દુરાચાર કરનાર ગણાઈ શકે છે. બાહ્ય આડંબરની જરાય કિંમત નથી. કિંમત છે આંતરિક સદ્ગુણોની છીપલાની કોઈ જ કિંમત નથી. કિંમત તો મોતીની હોય છે. બહારથી ભલે ને કોઈ કામ સારું કે ખરાબ દેખાય, તો તેનાથી કંઈ સારું કે ખરાબ થઈ જતું નથી. ખરું તત્ત્વ તો પેલી ઇચ્છા અને ભાવનામાં છે, કે જેનાથી પ્રેરાઈને એ કામ કરવામાં આવ્યું છે. પાપ-પુણ્યનું મૂળ સ્થૂળ કર્મ અને દેખાવમાં નથી, પણ ચોક્કસરૂપથી ઇચ્છા અને ભાવનામાં જ રહેલું છે.

ઉપર જણાવ્યા મુજબ આપણા પ્રાણ સાથે ભળી જઈને

રહેનાર ચિત્રગુપ્ત દેવતા કોઈ પણ જાતના પક્ષપાત વગર ખરાં-ખોટાં કર્મોનો હિસાબ અંતઃચેતનાના પરમાણુઓ પર લખ્યા કરતો હોય છે, આ અદૃશ્ય લિપિને બોલચાલની ભાષામાં રેખા કહે છે. સાથોસાથ એ પણ જણાવવામાં આવ્યું છે પાપ-પુણ્યનો નિર્ણય કામના બાહ્ય સ્વરૂપથી નહીં, પરંતુ કર્તાની ઇચ્છા અને ભાવનાને અનુરૂપ કરવામાં આવે છે. એ ઇચ્છા જેટલી તીવ્ર હશે, તેટલું જ પાપ અને પુણ્ય પણ બળવાન હશે. જેવી રીતે એક માણસ ઉદાસ મનથી કોઈ રોગીની સેવા કરે છે અને બીજો માણસ બીજા રોગીની સેવા અત્યંત દયા, સહાનુભૂતિ, ઉદારતા તથા પ્રેમપૂર્વક કરે છે, તો બહારથી જોતાં બન્ને કામ એકસમાન ભલે હોય, પણ તે પુણ્યનું પરિણામ તો ભાવના મુજબ જ ઓછું-વત્તુ મળવાનું. ઉદાસીનતા કરતાં તત્પરતાપૂર્વક સેવા કરવાનું પુણ્યફળ વિશેષ રહે છે. એ જ રીતે એક ભૂખી વ્યક્તિ લાચાર બનીને ચોરી કરે છે, બીજી વ્યક્તિ દારૂ પીવા માટે ચોરી કરે છે તો બંનેના પાપમાં નિઃસંદેહ વધઘટ હશે. ચોરી બંને જણે કરી છે પણ દુષ્ટતા ઓછી-વત્તી હોવાને કારણે પાપ પણ તે પ્રમાણે જ થશે.

આના અનુસંધાનમાં એક વળી મહત્ત્વની બાબત જાણી લેવા જેવી છે કે દરેક વ્યક્તિ માટે અલગ અલગ કાનૂનવ્યવસ્થા છે. લાંચરુશ્વતની બાબતમાં પટાવાળો, કારકુન અને મેજિસ્ટ્રેટ એમ ત્રણ જણ પકડાય તો ત્રણેયને અલગ અલગ પ્રકારની સજા મળશે. શક્ય છે પટાવાળાને ધમકાવીને છોડી દેવામાં આવે પણ મેજિસ્ટ્રેટ તો બરતરફ થયા વગર નહીં રહે, કારણ કે સૌથી વધુ જવાબદારી તેમની છે. એક અસભ્ય ભીલ શિકાર કરીને ગુજરાન ચલાવે છે, ગુનો તો તેનો પણ છે, પરંતુ અહિંસાનો ઉપદેશ આપનાર પંડિત છાનામાના કસાઈની દુકાને જાય છે, તો પંડિતને પેલા ભીલ કરતાં અનેકગણું વધારે પાપ લાગશે, કારણ કે જ્ઞાનવૃદ્ધિ કરતો જીવ જેમ જેમ આગળ વધે છે, તેમ તેમ

તેની અંતઃચેતના વધારે સ્વચ્છ બને છે. મેલા કપડા પર થોડીક ધૂળ પડી જાય તો તેનો કોઈ પ્રભાવ જણાતો નથી, પણ દૂધ જેવા સ્વચ્છ ધોયેલા કપડા પર નાનકડો ડાઘ પડી જાય તો તે દૂરથી જ દેખાય છે અને ખૂબ જ ખરાબ લાગે છે. નાનું બાળક કપડામાં જાજરૂ કરી નાખે છે પણ તેને કોઈ ખરાબ કહેતું નથી અને નથી બાળકને શરમ આવતી. પણ જો કોઈ જુવાન માણસ આવું કરે તો તે ખરાબ કહેવાશે અને તે પોતે પણ શરમિંદો બનશે. બાળકે અને યુવાને આચરણ એક સરખુ જ કર્યું, પરંતુ તેના માનસિક વિકાસમાં અંતર હોવાને કારણે બૂરાઈનું પ્રમાણ ઓછું-વત્તું આંકવામાં આવ્યું. જ્ઞાનવૃદ્ધિની સાથેસાથે ખોટું-ખરું સમજવાની યોગ્યતા પણ વધતી જાય છે. સત્ય-અસત્યનો, કર્તવ્ય-અકર્તવ્યનો વિવેક વધારે પ્રબળ થતો જાય છે. અંતઃકરણનો પોકાર વધારે જોરદાર બનતો જાય છે. આ રીતે આત્મોન્નતિની સાથેસાથે સદાચરણની જવાબદારી પણ વધતી જાય છે. હુકમનો અનાદર કરનાર પટાવાળાને બે રૂપિયા જ દંડ થતો હોય છે, પણ જો લશ્કરી અધિકારી હુકમનો અનાદર કરે તો કોર્ટ માર્શલ દ્વારા ગોળીથી ઉડાવી દેવામાં આવે છે. જ્ઞાનવાન, વિચારવાન તથા ભાવનાશીલ હૃદયવાળા માણસો જ્યારે દુષ્ટ કર્મો કરે છે, તો તેમનો ચિત્રગુપ્ત તેમનાં કરતૂતોને ખૂબ ભારે એવા પાપની શ્રેણીમાં નોંધી લે છે. ગૌદાનથી લોકો વૈતરણી તરી જાય છે. પણ નહુષ જેવા વિવેકવાન રાજાની થોડીક ભૂલ થતાં તે નરકમાં ગયો. અજ્ઞાની વ્યક્તિ અપરાધ કરે તો, તે તેનું એટલું મહત્ત્વ નથી, પરંતુ કર્તવ્યચ્યૂત બ્રાહ્મણ તો ભયંકર સજાનો અધિકારી બને છે. રાજા બનવું બધાની દૃષ્ટિએ ખૂબ જ સારું છે, પણ રાજાની જવાબદારીઓ પણ બધાંથી ઊંચી છે. જ્ઞાનીઓની જવાબદારી છે કે સદાચાર પર દૃઢ રહે, નહીંતર સાતમા માળેથી પડનારને જે દુઃખ થાય છે, તે તેમને પણ થશે. કર્મોનું ફળ કેવી રીતે મળે છે તે પણ વાચકોને આગળ સમજાવવામાં આવશે.

# આકસ્મિક સુખ-દુઃખ

***દૈવિકં દૈહિકં ચાપિ, ભૌતિકં ચ તથૈવ હિ ।***
***આયાતિ સ્વયમાહૂતો દુઃખાનામેષ સંચયઃ ॥***

***પંચાધ્યાયી***

દૈવિક, દૈહિક અને ભૌતિક દુઃખોનો સંગ્રહ પોતાની જાતે કરવામાં આવતો હોય છે.

અનેકવાર એવા પ્રસંગો બનતા હોય છે જે પ્રાકૃતિક નિયમોથી તદ્દન વિપરીત જોવા મળતા હોય છે. એક માણસ ઉત્તમ જીવન જીવે છે, પણ એકાએક તેના ઉપર એવી વિપત્તિ આવી જાય છે, જાણે કે ભગવાન તેને તેના કોઈ ઘોર કર્મની સજા આપતો હોય. એક માણસ ખરાબમાં ખરાબ કામ કરે છે, છતાં તે સુખશાંતિથી રહે છે અને બધાના સુખસૌભાગ્ય તેને પ્રાપ્ત થાય છે. એક નકામા માણસને લોટરીમાં, જુગારમાં અથવા ક્યાંક દાટેલું ધન મળી જાય છે, જ્યારે બીજો અત્યંત પરિશ્રમી અને બુદ્ધિમાન મનુષ્ય અભાવમાં જ ડૂબેલો રહે છે. એક વ્યક્તિ ખૂબ ઓછા પ્રયત્ને મોટી સફળતા મેળવી લે છે, જ્યારે બીજો સખત પરિશ્રમ કરવા તથા અત્યંત સાચી રીત પકડવા છતાં પણ અસફળતા મેળવે છે. જ્યારે આવું બને છે ત્યારે 'નસીબ', પ્રારબ્ધ, ભાગ્ય વગેરે શબ્દો વાપરવામાં આવે છે. એ જ રીતે કૉલેરા, દુષ્કાળ, મૃત્યુ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, વીજળી પડવી, ધરતીકંપ થવો, પૂર વગેરે દૈવી પ્રકોપોને પણ ભાગ્ય કે પ્રારબ્ધ કહેવામાં આવે છે. આકસ્મિક અકસ્માતો, માનસિક આપત્તિ, વિયોગ વગેરે જે ટાળી શકાતા નથી એ પણ આ જ શ્રેણીમાં આવી જાય છે.

એટલું સારું છે કે આવા પ્રસંગો ખૂબ જ ઓછા બને છે. પ્રયત્ન કરવા છતાં ઊંધું પડવાના તથા આકસ્મિક બનાવ

બનવાના પ્રસંગો અપવાદરૂપ ભલે હોય, પણ બને છે જરૂર. અને તે ક્યારેક ક્યારેક એટલા બધા કઠીન હોય છે કે તેની ઉપેક્ષા કરી શકાય નહીં. આવા અવસરોમાં આપણામાંથી સામાન્ય કક્ષાનું જ્ઞાન ધરાવનાર લોકો ખૂબ જ ભ્રમિત થઈ જાય છે અને એવી તો અટકળો બાંધી લે છે કે જે જીવન માટે ખૂબ જ ઘાતક હોય છે. કેટલાક લોકો તો ભગવાન પર ખૂબ જ ગુસ્સે થાય છે. તેને દોષિત ઠરાવે છે અને ભરપૂર ગાળો આપે છે. કેટલાક તો નાસ્તિક બની જાય છે. કહે છે કે અમે ભગવાનની ઘણીબધી ભક્તિ અને પૂજા-પ્રાર્થના કરી, પણ ભગવાને અમારી કોઈ જ મદદ કરી નહીં, એવા ભગવાનને પૂજવો વ્યર્થ છે. કેટલાય મહાનુભાવો લાભ મેળવવા માટે સાધુસંત, દેવી-દેવતાઓની પૂજા કરે છે અને આ દરમિયાન સંયોગવશાત જો કોઈ હાનિકારક પ્રસંગ આવી જાય તો પૂજાને બદલે નિંદા કરલા લાગે છે. એવું પણ જોવામાં આવ્યું છે કે કેટલીકવાર કોઈક આકસ્મિક અનિચ્છનીય ઘટના બને તે સમયે ઘરમાં જો કોઈ નવું પ્રાણી આવ્યું હોય, કોઈ પશુ ખરીદ્યું હોય, બાળક જન્મ્યું હોય કે ઘરમાં નવી વહુ આવી હોય, તો તે ઘટનાનો દોષ અથવા યશ તે નવા આવનારના માથે ઠોકી બેસાડવામાં આવે છે. આ નવું બાળક ખરેખર ખૂબ ભાગ્યશાળી છે, એનો જન્મ થતાં જ ઘરમાં આટલો લાભ થયો. આ વહુ ખૂબ જ અભાગી આવી કે આવતાંની સાથે જ સત્યાનાશ વળી ગયું. આ યશ અપયશ આપવાના કારણે પણ ઘરમાં એવા દુઃખદાયી કજિયા, કંકાસ શરૂ થઈ જાય છે જે યાદ આવતાં જ રુંવાટાં પણ ઊભાં થઈ જાય છે. મારા એક પરિચિત મિત્રના ઘરમાં નવી વહુ આવી એ જ દિવસે ઘરનો એક યુવાન છોકરો મરી ગયો. આ મૃત્યુનો દોષ પેલી આવનાર વહુને મળ્યો. ઘરમાં બધાં એક જ વાત કરવા લાગ્યાં, 'આ વહુ અભાગણી

છે, આવતાં જ એકનો ભોગ લઈ લીધો.' થોડોક સમય તો આ નિર્દોષ છોકરી આ અપમાનને વિષના ઘૂંટની માફક પીતી રહી, પણ જ્યારે ડગલે ને પગલે થતું અપમાન, ઘરવાળાં તરફથી થતો ખરાબ વ્યવહાર સહન કરી ન શકી તો કેરોસીન છાંટીને બળી મરી. બિચારી નિરપરાધી વિધવાઓને અભાગણી, કાળમુખી, ડાકણ વગેરે કહેવાનો એક સામાન્ય રિવાજ થઈ ગયો છે. આનું કારણ ભાગ્યવાદના કારણે મનમાં સંઘરાયેલી અનર્થકારી ધારણાઓ છે. સાચી વાતો ન સમજવાને કારણે લોકોના હૃદયમાં અંધશ્રદ્ધા અને અંધવિશ્વાસ ઘર કરી લેતો હોય છે અને અનેક વ્યક્તિઓ ભાગ્યની વેદી પર કર્તવ્યની પણ બલિ ચઢાવી દે છે. એમની માન્યતા હોય છે કે આ જીવનમાં જે કંઈ હાનિ-લાભ થશે તે ભાગ્યાનુસાર થશે. અત્યારે જે કંઈ કર્મો કરીએ છીએ તેનું ફળ આવતા જન્મમાં ભલે મળે, પણ આ જીવન તો પ્રારબ્ધનાં દોરડાંથી બંધાઈ ગયું છે. જ્યારે ઉપાય કરવાની અથવા મહેનત કરવાની વાત ચાલતી હોય ત્યારે એમ જ કહે છે કે, જે ભાગ્યમાં લખ્યું હશે તે જ થશે. બ્રહ્માના વિધાનને કોણ તોડી શકે તેમ છે ? ઈશ્વરે ધાર્યું હશે તે થઈને જ રહેશે. થવાનું હોય તે થયા વગર રહેતું નથી, વગેરે શબ્દો એટલા માટે વાપરવામાં આવે છે કે જ્યારે આકસ્મિક દુર્ઘટનાઓ ઉપર આપણું કંઈ ચાલતું નથી અને અણબનાવ સામે આવીને ઊભા રહે છે ત્યારે માનવીય મગજ ખૂબ જ વિક્ષુબ્ધ અને દિગમૂઢ બની જાય છે. સામે કોઈ દોષિત તો દેખાતું નથી, પણ આઘાત લાગવાને કારણે આવેશમાં આવી જાય છે. આવેશમાં બુદ્ધિ ઠેકાણે રહેતી નથી. સંભવ છે કે એ દોષ કોઈક નિર્દોષ પર ઊતરી પડે અને અનર્થ ઉત્પન્ન કરી દે અને તેટલા માટે ક્ષોભને શાંત કરીને કોઈ પ્રકારે સંતોષ ધારણ કરી શકાય ! પરંતુ આપણે જોઈએ છીએ કે આજે અનેક વ્યક્તિ આપત્તિકાળની આ

પ્રકારની મનની સમજાવટને પોતાનાં કર્તવ્યો ઉપર કુહાડીની જેમ વીંઝે છે. છેવટે આ લોકો પરિશ્રમ, મહેનતના વિરોધી બની જાય છે અને 'અજગર' અને 'પક્ષી'ની ઉપમા આપીને ભાગ્ય ઉપર નિર્ભર રહે છે. અને એ સજ્જન વૃદ્ધ થયા તો પણ પોતાના પ્રભાવથી અલ્પજ્ઞાની તરુણો અને કિશોરોને પણ આ ભાગ્યવાદની નિરાશાના કાદવમાં નાખી દે છે.

વાંચકો સમજ્યા હશે કે આકસ્મિક બનાવોનું વાસ્તવિક કારણ ન સમજવાના કારણે કેવી કેવી ઊટપટાંગ ધારણાઓ જન્મે છે અને જ્યારે લોકોના મનમાં ઊંડી પેસી જાય છે ત્યારે જીવનપ્રવાહને વિપરીત, વિકૃત અને બેહુદો બનાવે છે. 'કર્મની ગહન ગતિ'ને માનવજાત લાંબા સમયથી જાણે છે. અને તેનાં કારણો જાણવા માટે લાંબા સમયથી સતત પ્રયત્ન કરતી આવી છે. આના કેટલાક ઉપાયો પણ હવે તત્ત્વદર્શીઓએ શોધી કાઢ્યા છે. 'પંચાધ્યાયીકારે' ઉપરોક્ત શ્લોકમાં 'કર્મની ગતિ ન્યારી' ઉપર પ્રકાશ પાડતાં કહ્યું છે કે આ વૈદિક, દૈહિક અને ભૌતિક ઘટનાઓ ત્રણ પ્રકારનાં આકસ્મિક સુખ, દુઃખ, સંચિત, પ્રારબ્ધ તથા ક્રિયમાણ કર્મોના આધારે આવે છે. દૂધ નિયત સમયમાં એક વિશેષ પ્રક્રિયા દ્વારા ઘી બની જાય છે. એ જ રીતે ત્રિવિધ કર્મો પણ ત્રણ પ્રકારનાં ફળ ઉત્પન્ન કરે છે. તે આકસ્મિક ઘટનાઓ કેવી રીતે ઉત્પન્ન કરે છે તેનું પૂરેપૂરું, વિસ્તૃત તથા વૈજ્ઞાનિક વિવેચન આગળ કરવામાં આવશે.

## ત્રણ દુઃખ અને તેનું કારણ

આગળનાં પ્રકરણોમાં બતાવી દેવામાં આવ્યું છે કે આકસ્મિક સુખ, દુઃખ દરેક વ્યક્તિના જીવનમાં આવ્યા કરે છે. આનાથી સુર, મુનિ, દેવ, દાનવ કોઈ બચી શકતું નથી. ભગવાન રામ જેવા પણ આ કર્મની ગતિથી છૂટી શક્યા નથી. સંત સુરદાસે યોગ્ય જ કહ્યું છે

*કર્મગતિ ટારી નાહિ ટરે,*
*ગુરુ વશિષ્ઠ, પંડિત બડ જ્ઞાની,*
*રચિ પચિ લગન ધરૈ,*
*પિતા મરણ ઔર હરણ સિયાકો,*
*બનમે વિપતિ પરૈ.*

વશિષ્ઠ જેવા ગુરુ હોવા છતાં પણ રામ કર્મની ગતિને ટાળી શક્યા નથી. એમને પણ પિતાનું મરણ, સીતાનું હરણ અને વનની વિપત્તિ સહન કરવી પડી. આ વિપત્તિઓ ક્યાંકથી એકાએક તૂટી પડે છે અથવા ઈશ્વર નારાજ થઈને દુઃખ, દંડ આપે છે, એવું માની લેવું બરોબર નથી. 'પંચાધ્યાયી'નો ચોક્કસ મત છે કે બધા જ પ્રકારનાં દુઃખો ખુદના બોલાવવાથી જ આવતાં હોય છે. રામાયણનો પણ આ સંબંધમાં એ જ મત છે.

*કાહુ ન કોઉ દુઃખ સુખ કર દાતા,*
*નિજ નિજ કર્મ ભોગ સબ ભ્રાતા.*

કોઈ પણ પ્રાણી કે પદાર્થ બીજા કોઈને દુઃખ આપવાની શક્તિ ધરાવતું નથી. બધા લોકો પોતાનાં કર્મોનાં જ ફળ ભોગવે છે અને એ ભોગવવાને કારણે રડતાં-કકળતાં રહે છે. જીવની પાછળ એવી તો કડક વ્યવસ્થા થયેલી છે, જે કર્મોનું ફળ તૈયાર કરતી રહે છે. માછલી પાણીમાં તરે છે, તેની પૂંછડી પાણીને કાપતી જાય છે સાથે એવી જ એક રેખા બનાવતી જાય છે. સાપ ઘસડાતો જાય છે અને જમીન પર તેની રેખા દોરાતી જાય છે. જે કામ આપણે કરીએ છીએ, તેના સંસ્કાર પડતા જાય છે. ખરાબ કર્મોના સંસ્કાર, વાવવામાં આવેલી કાંટાળી ઝાડીની જેમ પોતાના માટે જ દુઃખદાયી બની જાય છે.

હવે અમે ત્રણ પ્રકારનાં કર્મો, તેના ત્રણ પ્રકારના પ્રભાવ તથા ત્રણ પ્રકારનાં ફળની ચર્ચા શરૂ કરીએ છીએ. સુખ મનુષ્યની સ્વાભાવિક સ્થિતિ છે. સુકર્મ કરવું એ સ્વભાવ છે

તેથી સુખ મળવું એ સ્વાભાવિક છે. કષ્ટ દુઃખમાં હોય છે. દુઃખથી જ લોકો ડરે છે અને ગભરાય છે. તેનાથી છુટકારો મેળવવા ઇચ્છે છે. આથી દુઃખનું જ વર્ણન કરવું અહીં યોગ્ય ગણાશે. આરોગ્યવર્ધકશાસ્ત્ર અને ચિકિત્સાશાસ્ત્ર બંને અલગ અલગ શાસ્ત્રો છે. એ જ રીતે સુખદુઃખનાં પણ બે અલગ વિજ્ઞાન છે. સુખવૃદ્ધિ માટે ધર્માચરણ કરવું જોઈએ, જેવી રીતે સ્વાસ્થ્યવૃદ્ધિ માટે પૌષ્ટિક પદાર્થોનું સેવન કરવામાં આવે છે. દુઃખ નિવૃત્તિ માટે, રોગના નિવારણ માટે તેનું નિદાન કરવું અને નિદાન કર્યા પછી તેના માટેની ચિકિત્સા જાણવી ખૂબ જ જરૂરી છે. કર્મની ગહન ગતિની જાણકારી પ્રાપ્ત કરવાથી દુઃખોનો મર્મ સમજાઈ જાય છે. દુઃખના કારણને છોડી દેવાથી સહજ રીતે દુઃખમાંથી નિવૃત્તિ મળી જાય છે. આવો ! હવે અમે તમારી સમક્ષ દુઃખનું સ્વરૂપ મૂકવા પ્રયત્ન કરીએ.

દુઃખ ત્રણ પ્રકારનાં હોય છે : (૧) દૈવિક (૨) દૈહિક (૩) ભૌતિક. જે દુઃખો મનમાં થાય છે તે દૈવિક દુઃખો છે, જેમકે ચિંતા, આશંકા, ક્રોધ, અપમાન, શત્રુતા, વિચ્છેદ, ભય, શોક વગેરે. જે દુઃખ શરીરને થાય છે તે છે દૈહિક દુઃખો, જેમ કે વિષથી થતા રોગો, પડવું, વાગવું, દુઃખવું વગેરે. જે દુઃખો અચાનક આકસ્મિક રીતે આવી પડે છે તે ભૌતિક દુઃખો, જેમ કે ધરતીકંપ, દુષ્કાળ, અતિવૃષ્ટિ, કૉલેરા, આગ લાગવી, યુદ્ધ વગેરે. આ ત્રણેય પ્રકારનાં દુઃખોથી મનુષ્યને દુઃખી થતો જોઈએ છીએ. આ ત્રણેય પ્રકારનાં દુઃખ આપણા શારીરિક, માનસિક અને સામાજિક કર્મોનું પરિણામ છે. માનસિક પાપોના પરિણામે દૈવિક દુઃખ આવે છે. શારીરિક પાપોના ફળસ્વરૂપે દૈહિક અને સામાજિક પાપોના કારણે ભૌતિક દુઃખો ઉત્પન્ન થાય છે.

દૈવિક દુઃખ  માનસિક દુઃખો ઉત્પન્ન થવાનું કારણ માનસિક પાપ છે, જે સ્વેચ્છાપૂર્વક તીવ્ર ભાવનાઓથી પ્રેરાઈને કરવામાં આવે છે. ઈર્ષા, કૃતઘ્નતા, છલ, દંભ, ઘમંડ, ક્રૂરતા,

સ્વાર્થપરાયણતા વગેરે કુવિચારોને કારણે જે વાતાવરણ મગજમાં ધૂમાયા કરે છે, તેનાથી અંતઃચેતના પર તેવા જ પ્રકારનો પ્રભાવ પડે છે, જેવી રીતે ધુમાડાને કારણે દીવાલ કાળી પડી જતી હોય છે, અથવા તેલ પડતાં કપડું ગંદું બની જાય છે. આત્મા સ્વભાવથી જ પવિત્ર છે. તે પોતાના પર પડેલા પાપી કુવિચારોના પ્રભાવોને જમા થવા દેવા માગતો નથી. તે એક જ ચિંતામાં રહે છે કે કેવી રીતે આ ગંદકીને સાફ કરું ? પેટમાં નુકસાનકારક પદાર્થ જતો રહે છે તો પેટ તેને ઊલટી અથવા ઝાડાસ્વરૂપે બહાર કાઢી દે છે. આ જ રીતે તીવ્ર ઇચ્છાથી જાણી જોઈને કરવામાં આવેલ પાપોને બહાર કાઢી દેવા માટે આત્મા આતુર બની જાય છે. આપણે આ વાત જરા પણ જાણી શકતા નથી, પરંતુ આત્મા અંદર ને અંદર એ ભારને દૂર કરવા માટે અત્યંત વ્યાકુળ બની જાય છે. બાહ્ય મનને સ્થૂળ બુદ્ધિને અદૃશ્ય પ્રક્રિયાની કંઈ જ ખબર પડતી નથી પણ અંતર્મન છાનું છાનું એવા પ્રસંગો એકઠા કરવામાં લાગેલું રહે છે, જેથી પેલો બોજો દૂર થઈ જાય. અપમાન, અસફળતા, વિચ્છેદ, શોક, દુઃખ વગેરે પ્રાપ્ત થાય, એવા પ્રસંગોને ક્યાંકથી એકને એક દિવસ ખેંચી લાવે છે જેથી પેલી દુર્ભાવનાઓનું, પાપસંસ્કારોનું આ અપ્રિય એવી પરિસ્થિતિઓમાં સમાધાન થઈ જાય છે.

શરીર દ્વારા કરવામાં આવેલ ચોરી, લૂંટ, વ્યભિચાર, અપહરણ, હિંસા વગેરેમાં મન જ મુખ્ય છે, હત્યા કરવામાં હાથનો કોઈ સ્વાર્થ નથી, પરંતુ મનના આવેશની પૂર્તિ છે. આથી આવા પ્રકારનાં કાર્યો કે જે કરતી વખતે ઇન્દ્રિયોને સુખ મળતું નથી, તે માનસિક પાપ કહેવાય છે. એવાં પાપોનું ફળ માનસિક દુઃખ હોય છે. સ્ત્રી-પુરુષ વગેરે પ્રિયજનોનું મૃત્યુ વગેરે માનસિક દુઃખો છે, તેનાથી મનુષ્યની માનસિક વેદના વધી જાય છે. શોક અને સંતાપ પેદા થાય છે. દુઃખી થઈને રોકકળ કરે છે, આંસુ પાડે છે અને માથું ધુણાવે છે. આનાથી વૈરાગ્યનો

ભાવ પેદા થાય છે અને ભવિષ્યમાં અધર્મ ન કરવો અને ધર્મમાં પ્રવૃત્ત રહેવાની વૃત્તિ વધે છે. જોવામાં આવ્યું છે કે, સ્મશાનમાં જ્યારે કોઈ સ્વજનને અગ્નિસંસ્કાર માટે લઈ જઈએ છીએ ત્યારે એવો ભાવ પેદા થાય છે કે જીવનનો સદુપયોગ કરવો જોઈએ. ધનનો નાશ થતાં મનુષ્ય ભગવાનને પોકારે છે. પરાજિત અને અસફળ વ્યક્તિનો ઘમંડ ઊતરી જાય છે. જ્યારે નશો ઊતરી જાય છે ત્યારે હોશમાં આવી જઈ વાત કરે છે. માનસિક દુઃખોનો મૂળ ઉદ્દેશ મનમાં જમા થયેલા ઈર્ષા, કૃતઘ્નતા, સ્વાર્થપરાયણતા, ક્રૂરતા, નિર્દયતા, છળકપટ, દંભ તથા ઘમંડની સફાઈ કરવાનો હોય છે. દુઃખો એટલા માટે આવે છે કે આત્મા ઉપર જમા થયેલ પ્રારબ્ધ કર્મોના પાપસંસ્કારો હટી જાય. પીડા અને વેદનાની ધારા, પેલા પહેલાં કરેલાં પ્રારબ્ધ કર્મોના કનિષ્ઠ સંસ્કારોને ધોવા માટે પેદા થાય છે.

દૈવિક-માનસિક કષ્ટોનું કારણ સમજી લીધા પછી હવે દૈહિક-શારીરિક કષ્ટોનું કારણ સમજવું જોઈએ. જન્મજાત અપૂર્ણતા હોવી અથવા વારસામાં રોગ આવવો આનું કારણ પૂર્વજન્મમાં એ અંગોનો કરેલો દરુપયોગ છે. મર્યા પછી સૂક્ષ્મ શરીર રહી જાય છે. નવા શરીરની રચના આ સૂક્ષ્મ શરીર દ્વારા થાય છે. આ જન્મમાં શરીરના જે અંગનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે, તે અંગ સૂક્ષ્મ શરીરમાં તદ્દન નિર્બળ બની જાય છે. જેમ કે કોઈ વ્યક્તિ વ્યભિચાર કરે છે, તો સૂક્ષ્મ શરીરનુ તે અંગ નિર્બળ થવા લાગશે અને શક્ય છે કે તે નપુંસક બની જાય. આ નપુંસકતા માત્ર કઠોર દંડ જ નથી, પણ સુધારવાનો એક ઉત્તમ માર્ગ પણ છે. કેટલાક સમય માટે એ અંગને વિશ્રામ મળવાથી આવનાર સમય માટે તે સચેત અને સૂક્ષ્મ બની જશે. શરીરનાં અન્ય અંગોના શારીરિક લાભ માટે પાપપૂર્ણ, અમર્યાદિત રીતે બગાડ કરવાથી આવતા જન્મે એ અંગ જન્મથી જ નથી હોતું અથવા તો નિર્બળ હોય છે. શરીર તથા મનના સામૂહિક

પાપોના શોધન માટે જન્મજાત રોગ મળે છે અથવા તો બાળકો અંગભંગ લકવાગ્રસ્ત જન્મે છે. અંગ તૂટેલું હોવાથી અથવા નિર્બળ હોવાના કારણે એ અંગને અધિક કામ કરવું પડતું નથી. આથી સૂક્ષ્મ શરીરનું એ અંગ વિશ્રામ લઈને આગલા જન્મ માટે ફરીથી તાજું બની જાય છે, સાથે માનસિક દુઃખ મળવાના કારણે તે મનના પાપનો ભાર પણ ધોવાઈ જાય છે.

માનસિક પાપ પણ જે શારીરિક પાપ સાથે મળેલું હોય છે, તે જો રાજદંડ, સમાજદંડ અથવા પ્રાયશ્ચિત્ત દ્વારા આ જન્મમાં તેનું શમન ન થયું તો તે આગલા જન્મ માટે બાકી રહે છે. પરંતુ પાપ ફક્ત શારીરિક જ છે અથવા તેમાં માનસિક પાપનું મિશ્રણ અલ્પ માત્રામાં છે, તો તેનુ શમન જલદીથી શારીરિક પ્રકૃતિ વડે થઈ જાય છે. જેમ કે દારૂ પીધો તો નશો ચડ્યો, ઝેર ખાધું તો મૃત્યુ થયું, આહારવિહારમાં ગરબડ થઈ બીમાર પડ્યા. આ રીતે શરીર પોતાના સાધારણ દોષોની સફાઈ જલદી જલદી કરી લે છે અને આ જન્મની ચુકવણી આ જન્મમાં જ કરી દે છે. પરંતુ શારીરિક દુર્ગુણ ગંભીર હોય અને એની સાથે મન પણ ભળેલું હોય ત્યારે તેનું ફળ આગલા જન્મમાં ભોગવવા માટે સૂક્ષ્મ શરીર સાથે જાય છે.

ભૌતિક દુઃખોનું કારણ આપણાં સામાજિક પાપો છે. સંપૂર્ણ મનુષ્ય જાતિ એક જ સૂત્રે બંધાયેલી છે. વિશ્વવ્યાપી જીવ તત્ત્વ એક છે. આત્મા સર્વવ્યાપી છે. જેવી રીતે એક જગ્યાએ યજ્ઞ કરવાથી અન્ય સ્થાનોનું વાયુમંડળ પણ શુદ્ધ થઈ જાય છે અને એક સ્થળે દુર્ગંધ પેદા થતાં તેની અસર અન્ય સ્થળો પર પણ થાય છે. આ જ રીતે એક મનુષ્યના કુત્સિત કર્મ માટે બીજો પણ જવાબદાર છે. એક દુષ્ટ વ્યક્તિ તેનાં માતા-પિતાને પણ લજ્જિત કરે છે. પોતાના ઘેર કુટુંબને શરમાવે છે. એ લોકો એટલા માટે શરમિન્દા થાય છે કે તે વ્યક્તિનાં કામો સાથે તેઓનું કર્તવ્ય પણ બંધાયેલું છે. પોતાના પુત્ર, કુટુંબીજનો

અથવા ઘરવાળા વગેરેને સુશિક્ષિત, સદાચારી બનાવવાને બદલે દુષ્ટ કેમ બનવા દીધા ? તેમને આધ્યાત્મિક બનાવવાની જવાબદારી કુટુંબીઓની પણ છે. કાયદા પ્રમાણે ગુનેગારને જ સજા મળશે, પરંતુ કુટુંબીઓનો આત્મા તો આપમેળે જ શરમાશે કેમ કે તેમની ગુપ્તશક્તિ તે સ્વીકારે છે કે કેટલીક હદે અમે પણ આ બાબતમાં અપરાધી છીએ. સમગ્ર સમાજ એકસૂત્રમાં બંધાયેલો હોવાના કારણે અંદરોઅંદર એકબીજાની દુષ્ટતા માટે જવાબદાર છે. પડોશીનું ઘર સળગતું હોય અને બીજો પડોશી ઊભો ઊભો જોયા કરતો હોય તો થોડીવાર પછી તેનું ઘર પણ સળગી શકે છે. મહોલ્લાના એક ઘરમાં કૉલેરા થાય અને બીજા લોકો અટકાવવાનો ઉપાય ન કરે તો તેમને પણ કૉલેરાનો ભોગ બનવું પડે. કોઈ વ્યક્તિ કોઈકની ચોરી, બળાત્કાર, હત્યા, લૂંટ વગેરે થતું જોઈ રહે અને શક્તિ હોવા છતાં તેને રોકવાનો પ્રયત્ન ન કરે, તો સમાજ તેનાથી ઘૃણા કરશે તથા કાયદા પ્રમાણે તે પણ સજાને પાત્ર માનવામાં આવશે.

ઈશ્વરનો નિયમ છે કે દરેક મનુષ્ય પોતે સદાચારી જીવન વિતાવે અને બીજાઓને અનીતિ પર ન ચાલવા દેવા માટે ભરચક પ્રયત્ન કરે. જો કોઈ દેશ અથવા જાતિ પોતાના તુચ્છ સ્વાર્થમાં આવી જઈને બીજાઓનાં કુકર્મોને રોકવા તથા સદાચાર વધારવાનો પ્રયત્ન નથી કરતી તો તેને પણ બીજાઓનું પાપ લાગે છે. આ સ્વાર્થપરાયણતાના સામૂહિક પાપથી સામૂહિક સજા ભોગવવી પડે છે. ભૂકંપ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, દુષ્કાળ, રોગચાળો, મહાયુદ્ધ વગેરેના કારણે એવાં જ સામૂહિક દુષ્કર્મો થતાં હોય છે. જેમાં સ્વાર્થપરાયણતાને પ્રાધાન્ય આપવામાં આવે છે અને પરોપકારની ઉપેક્ષા કરવામાં આવે છે.

જોવામાં આવ્યું છે કે અન્યાય કરનાર અમીરોની સરખામણીમાં અબોલ પશુની જેમ જીવન જીવતાં, ભોળા અને સીધાસાદા લોકો પર દૈવીપ્રકોપ વધારે ઉતરે છે. અતિવૃષ્ટિ,

અનાવૃષ્ટિનું દુઃખ ગરીબ લોકો અને ગરીબ ખેડૂતોને વધારે ભોગવવું પડતું હોય છે. આનું કારણ એ છે કે અન્યાય કરનાર કરતાં અન્યાય સહન કરનાર વધારે જવાબદાર અને વધારે પાપી છે. કહેવત છે કે, બુઝદિલ જાલીમનો બાપ છે ! કાયરતામાં એ ગુણ છે કે તે પોતાના ઉપર જુલમ કરવા માટે કોઈકને આમંત્રણ આપતો રહે છે. ઘેટા ઉપરનું ઊન એક ભરવાડ નહીં ઉતારે તો બીજો ઉતારી લેશે. કાયરતા, કમજોરી, અવિદ્યા સ્વયં મોટાં પાતકો છે. આવા પાતકીઓ ઉપર ભૌતિક કોપ વધારે ઊતરતો હોય એમાં કોઈ આશ્ચર્ય નથી. શક્ય છે કે એમની કાયરતાને દૂર કરવા અને સ્વાભાવિક જાગૃતિ જગાવીને નિષ્પાપ બનાવવા માટે અદૃશ્ય સત્તા દ્વારા આ બધી ઘટનાઓ બનતી હોય. આ ભૌતિક દુર્ઘટનાઓ સૃષ્ટિનો દોષ નથી, પરંતુ પોતાનો જ દોષ છે. અગ્નિમાં તપાવીને સોનાની જેમ આપણને શુદ્ધ કરવા માટે આ કષ્ટો વારંવાર કૃપા કરવા આવતાં હોય છે અને સંસારને જોરદાર ચેતવણી આપીને સામાજિક નિષ્પાપતા વધારવાનો આદેશ આપ્યા કરતાં હોય છે.

દૈવિક, દૈહિક, ભૌતિક દુઃખોનું થોડુંક વર્ણન ઉપર મુજબ કરવામાં આવ્યું છે. હવે આપણે આ જ પુસ્તકનાં આગલાં પ્રકરણોમાં એ બતાવીશું કે કયા પ્રકારનાં પાપ અને પુણ્યોનું ફળ કેટકેટલા સમયમાં મળે છે.

## કર્મોના ત્રણ પ્રકાર

ત્રિવિધ પ્રકારનાં દુઃખોનું વર્ણન કરતાં પહેલાં ત્રણ પ્રકારનાં કર્મો પણ જાણી લેવાં જરૂરી છે. કર્મો ત્રણ પ્રકારનાં છે : (૧) સંચિત કર્મ (૨) પ્રારબ્ધ કર્મ (૩) ક્રિયમાણ કર્મ. આ ત્રણેય પ્રકારનાં કર્મોનો સંચય આપણી સંસ્કાર ભૂમિકામાં થતો હોય છે. અગાઉ આપણે ચિત્રગુપ્તનો પરિચય મેળવી લીધો છે. એમાં જણાવ્યું છે કે મનુષ્યની અંતઃચેતના એવી તો નિષ્પક્ષ, નિર્મળ, ન્યાયશીલ અને વિવેકવાન છે કે પોતાનો કે પારકાંનો

ભેદ રાખ્યા વિના સત્યનિષ્ઠ ન્યાયાધીશની જેમ કોઈ પણ ખરાં-ખોટાં કામના વિવરણની નોંધ કરતી રહે છે.

દિવસ દરમ્યાન થતાં કાર્યોનું જો નિરીક્ષણ કરવામાં આવે તો તેને ત્રણ પ્રકારમાં વહેંચવા પડે. કેટલાંક તો એવાં હોય છે કે તે જાણકારી વગર થતાં હોય છે, જેમકે ખરાબ લોકોની સાથે રહેવાથી અથવા તેમની સોબતમાં રહેવાથી તેમનો પ્રભાવ થોડા ઘણા અંશે પણ ગુપ્ત રીતે આપણા ઉપર પડતો હોય છે. આ પ્રભાવ પડ્યો તો ખરો, પરંતુ આપણે તેનો ઈચ્છાપૂર્વક સ્વીકાર કર્યો નહીં, તેથી તે હલકો, નિર્બળ તથા ઓછી અસરવાળો બની આપણી અંતઃચેતનાની અંદર એક ખૂણામાં પડ્યો રહે છે. આવાં હીન વીર્ય સંસ્કાર બનાવનારાં કર્મોને સંચિત કર્મો કહેવામાં આવે છે. જે કર્મો એવાં હોય છે જે વિવશતામાં આવીને કે કોઈક દબાવમાં આવીને કે અસહાય અવસ્થામાં કરવાં તો પડ્યાં, પરંતુ મનની આંતરિક ઈચ્છા તો એ જ કહે છે કે જો વિવશતા કે મજબૂરી ન હોત તો આ કામ હું ક્યારેય ન કરત. આ રીતે જે કામો લાચારીથી કરવા પડ્યાં, જેના વિરુદ્ધ મન તેનો વિદ્રોહ કરતું રહ્યું તથા તે કામને પોતાના સ્વભાવમાં અપનાવ્યું નથી, એવાં કામોનો સંસ્કાર પણ હલકો, અલ્પ વીર્ય તેમજ ઓછા પ્રભાવવાળો હોય છે. આવાં કર્મો પણ સંચિત કર્મોની શ્રેણીમાં આવે છે. આ સંચિત કર્મોના સંસ્કાર ખૂબ જ નાજુક અને હલકા હોય છે. આથી તે મનના કોઈ અજ્ઞાત ખૂણામાં સંકોચાઈને હજારો વર્ષ સુધી પડ્યા રહે છે. જો તેમને પ્રગટ થવાનો કોઈ પ્રસંગ ન મળે તો એમના એમ જ દબાયેલા પડ્યા રહેતા હોય છે. પરંતુ જો આવા જ પ્રકારનાં ખરાબ કામો જાણી જોઈને સ્વેચ્છાપૂર્વક, વિશેષ મનોયોગ સાથે કરવામાં આવ્યાં તો, તે સડેલા અને ગંદા સંચિત સંસ્કારો પણ કૂદાકૂદ કરવા લાગે છે અને સારી જાતના ઘોડાઓના ટોળાંમાં લંગડા ઘોડાઓ પણ ચાલવા માંડે છે, તેવી જ રીતે તે સંસ્કારો

પણ કબરમાંથી નીકળીને જીવતા થઈ જાય છે. જેવી રીતે રાંધેલું બીજ પણ સારી જમીન અને સારો વરસાદ મળતાં ઊગી જાય છે, તેવી જ રીતે સંચિત સંસ્કાર પણ પોતાનાં જેવાં જ અન્ય બળવાન કર્મોની મદદ લઈને ઊગી આવે છે. સહારો મળતાં તેમની હિંમત બમણી થઈ જાય છે. પરંતુ એ સંચિત સંસ્કારોને સતત વિપરીત સ્વભાવના બળવાન કર્મ સંસ્કારો સાથે રહેવું પડે તો તેનો નાશ પણ થઈ જાય છે. ગરમ જગ્યામાં રાખવામાં આવેલો એક ઘડો પાણી, ગરમીની અસરથી અંતે એક બે મહિનામાં સૂકાઈ જાય છે. આ જ રીતે ઉત્તમ કર્મોના સંસ્કાર જમા થયા હોય તો,. તે બિચારા ખરાબ સંસ્કારો એમની ગરમીથી બળીને નષ્ટ. થઈ જાય છે. ધર્મગ્રંથોમાં એવો ઉલ્લેખ મળે છે કે તીર્થયાત્રા વગેરે શુભ ધાર્મિક કાર્યો કરવાથી અમુક જન્મોનાં પાપો નાશ પામે છે. વાસ્તવમાં તો આ સૂચન અથવા માન્યતા આ અલ્પવીર્ય સંચિત સંસ્કારોના સંબંધમાં જ છે. સારા અથવા ખરાબ બંને પ્રકારના સંચિત કર્મ સંસ્કારો અનુકૂળતા મેળવીને ફળદાયી બને છે અને તીવ્ર પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં નષ્ટ પણ થઈ જાય છે.

**પ્રારબ્ધ કર્મ :** આ કર્મો, માનસિક ઓછાં હોય છે. આ કર્મો જાણી જોઈને, તીવ્ર ભાવનાથી પ્રેરાઈને જાણીબૂઝીને કરવામાં આવતાં હોય છે. આ કર્મો વિશેષ મનોયોગ સાથે કરવામાં આવે છે, આથી તેના સંસ્કારો પણ ખૂબ જ બળવાન હોય છે. હત્યા, ખૂન, લૂંટ, વિશ્વાસઘાત, ચોરી, વ્યભિચાર જેવાં પ્રચંડ ક્રૂર કર્મોની પ્રતિક્રિયા અંતઃકરણ પર ખૂબ જ તીવ્રપણે પડે છે. તે વિજાતીય દ્રવ્યને બહાર ફેંકી દેવા માટે આધ્યાત્મિક પવિત્રતા નિરંતર વ્યગ્ર બની રહે છે અને એક ને એક દિવસ તેને કાઢીને બહાર ફેંકી દે છે.

અમો બતાવી ચૂક્યાં છીએ કે આપણી અંતઃચેતના નિષ્પક્ષ ન્યાયાધીશની જેમ આપણાં દરેક કામને જોતી રહે છે

અને તેના ઓછાવત્તા પ્રમાણમાં સજાની વ્યવસ્થા કરતી રહે છે. કેમ કે માનસિક દંડ પોતાની મેળે, અંદરને અંદર પૂરો થઈ શકતો નથી, આના માટે બીજાં સાધનોની પણ જરૂરિયાત હોય છે, દંડના કર્મને પૂર્ણ કરવા માટે સૂક્ષ્મ લોકમાં તે પ્રકારનો ઘટનાક્રમ ઉપસ્થિત કરવા માટે આપણી અંતઃચેતના એક વાતાવરણ તૈયાર કરે છે. આ તૈયારીમાં ક્યારેક તો ઘણો બધો સમય પણ નીકળી જતો હોય છે. જેમ કે કપટયુક્ત સ્વભાવના નિવારણ માટે શોકરૂપી સજાની જરૂરિયાત હોય છે. હવે જોવાનું એ રહ્યું કે આ કપટ કયા પ્રકારનું છે, તેની શુદ્ધિ કયા પ્રકારના શોકથી પૂરી થઈ શકે તેમ છે. અન્તઃચેતના એવી જ પરિસ્થિતિઓ પેદા કરવા માટે અંદરને અંદર પ્રયત્ન કરતી રહેશે. તે શરીરમાં એવાં તત્ત્વો પેદા કરશે કે જેનાથી પુત્ર ઉત્પન્ન થાય. હવે આ પુત્રના શરીરમાં એવો આત્મા જોડી દેશે કે જેને તેનાં કર્મો અનુસાર જીવનમર્યાદા દસ જ વર્ષની જ હોય અને દસ વર્ષનો પુત્ર થાય કે આપણી અંતઃપ્રેરણા પુત્રને ગુપ્ત રીતે વળગી પડશે અને તેને રોગી બનાવી મારી નાખશે અને દુઃખી થવા માટેનો ઇચ્છિત પ્રસંગ ઊભો કરી મૂકશે. આવા પ્રસંગોનું નિર્માણ કરવા માટે ફક્ત આપણાં એકલાંના જ કાર્યો નહીં પણ બીજાઓનાં કાર્યો પણ જવાબદાર હોય છે. બંને બાજુની ચેતનાઓ પોતપોતાની રીતે, પોતાના માટે આવા પ્રસંગોની શોધ કરતી રહે છે અને જ્યારે તેમને ઇચ્છિત જોડું મળી જાય છે તો સમગ્રપણે એક ઘટનાની ભૂમિકા તૈયાર થઈ જાય છે. આવાં કાર્યોમાં કેટલીક વાર તો એક, બે, ત્રણ કે તેથી પણ વધારે જન્મોનો સમય લાગી જતો હોય છે. છોકરી માટે વર અને વર માટે કન્યાની શોધ-તપાસ ઘણા સમય સુધી કરવી પડતી હોય છે. અનેક પ્રસંગો ઉત્પન્ન થાય છે, પણ કંઈકને કંઈક ખામી હોવાથી નક્કી થતું નથી. જ્યારે બંને પક્ષ સંમત થઈ જાય છે, તો સગાઈ અથવા લગ્ન જલદીથી થઈ

જાય છે. આ જ રીતે પિતાને પુત્રનો શોક અને પુત્રને અલ્પાયુનો સંયોગ, જ્યારે બંને બરોબર મળતા હોય છે ત્યારે બંને ભેગા મળી જાય છે.

આફ્રિકામાં વેન્સસ નામનું એક દસ ફૂટ ઊંચું વૃક્ષ થાય છે. એની ડાળીઓમાંથી સૂતર જેવા લાંબા અંકુર ફૂટે છે. આ અંકુરો વધે છે અને હવામાં ઝૂલતા રહે છે. બીજો કોઈ અંકુર જ્યારે એક અંકૂરને અડી જાય છે ત્યારે બંને એકબીજા સાથે જોડાઈ જાય છે અને વણાઈને દોરડાની જેમ એક થઈ જાય છે. જ્યાં સુધી આ અંકુરો એકબીજાને મળતાં નથી ત્યાં સુધી વધ્યા જ કરે છે અને છેવટે એકને એક દિવસ એકબીજા સાથે જરૂરથી મળી જ જાય છે. કોઈક અંકુર તો ચાર છ આંગળની લંબાઈએ બીજાને મળીને વીંટળાઈ જાય છે, તો કોઈકને ચારથી છ ફૂટની લંબાઈએ સફળતા મળે છે. આ જ પરિસ્થિતિ કર્મનાં ફળોની છે. શારીરિક દંડ એકાંગી છે. ઝેર ખાતાં જ મૃત્યુ થઈ જાય છે પણ માનસિક દંડમાં અપવાદ હોય છે. જેમ કે આવેશમાં આવી જઈને કોઈકનું ખૂન કરી દેવામાં આવ્યું અને તે જાહેર થઈ ગયું તો સરકાર દ્વારા તેને દંડ મળી જશે, પરંતુ જો ખૂનીએ પોતાનો ગુનો છુપાવી રાખ્યો તો તેનું અંતઃકરણ તેને તેના પાપનો દંડ તાત્કાલિક આપતું નથી. પરંતુ એ જ દિવસથી પેલા વેન્સસ ઝાડની જેમ અંકુર ફોડીને તે શોધમાં ફરતો રહેશે કે હિંસાવૃત્તિથી ઘૃણા પેદા કરાવવા માટે હિંસાથી દુઃખ થાય છે તેનો તેને અનુભવ કરાવતું રહેશે. જ્યારે આવા જ પ્રકારનો બીજો અંકુર મળી જાય છે ત્યારે બન્ને એકબીજાને વીંટળાઈને એક નિર્ધારિત ઘટનાની ભૂમિકા બની જાય છે. આ કારણોથી કોઈક વાર અચાનક સત્કર્મો કરવા છતાં પણ દુઃખ ઉપસ્થિત થઈ જાય છે અને ક્યારેક ખરાબ કામો કરવા છતાં પણ કોઈ દુઃખ આવતું નથી. આનું કારણ ઉપયુક્ત અવસર તૈયાર થવામાં વિલંબ થવો તે છે.

કોઈ કોઈ આત્મદર્શી યોગીઓ બતાવી દેતા હોય છે કે, ભવિષ્યમાં આ બનવાનું છે અને ખરેખર તેવું બની પણ જાય છે. આવા પ્રસંગોએ મનુષ્ય પરતંત્ર છે અને ભાગ્યમાં જે લખ્યું હોય છે તે જ બને છે એવી શંકા કરવી જોઈએ નહીં. આત્મદર્શી મહાનુભાવનું ભવિષ્યકથન મનુષ્યની પરતંત્રતાને લીધે નથી, પરંતુ તેણે જોઈ લીધું કે તેનું પ્રારબ્ધ કર્મ હવે તેનું ફળ આપવા તૈયાર થઈ ગયું છે, તેનાથી છૂટવું મુશ્કેલ છે. પોતાની સૂક્ષ્મ દૃષ્ટિથી તેઓ અદૃષ્ટ પરિસ્થિતિને જોઈને તેને પ્રગટ કરતા હોય છે. કેસ-પેપર જોઈને, ન્યાયાધીશના સ્વભાવને જાણીને ન્યાયનો નિષ્ણાત અથવા તે પ્રકારનો અનુભવી કહી દેશે કે શું ફેંસલો આપવામાં આવશે, પણ આનો અર્થ એવો નથી થતો કે, ન્યાયાધીશ, તપાસ, સાક્ષી, સાબિતી, પુરાવા, વકીલ વગેરેનું કોઈ મહત્ત્વ નથી. એના ભાગ્યમાં શું લખ્યું છે તે બતાવી દેવાનો અર્થ એ છે કે તેણે એક વખત એવાં કામો કર્યાં હતાં, જેનું ફળ હવે ભોગવવાનું છે. ભાગ્ય અને પુરુષાર્થ બે અલગ બાબતો નથી, પણ એક જ વસ્તુનાં બે નામ છે. કર્મના પરિપાકરૂપે જ્યારે તે ફળ બને છે ત્યારે તે ભાગ્ય તકદીર કહેવાય છે. કાચી કેરી પ્રયત્ન છે અને પાકી કેરી તકદીર છે. નવું કર્મ જે આજે પુરુષાર્થ છે તે ભવિષ્યમાં ભાગ્ય બની જાય છે. આ જ રીતે ભૂતકાળનો પુરુષાર્થ આજે ફળ આપતી વખતે ભાગ્ય તરીકે ઓળખાય છે. કર્મ વાછરડું છે અને ભાગ્ય ઘરડી ગાય છે. સમયના પ્રવાહને કારણે એક વસ્તુનાં બે નામ પડી ગયાં છે.

વાચકો સમજી ગયા હશે કે માનસિક પાપોનું ફળ કઈ રીતે મળે છે અને તેમાં વાર લાગવાનું શું કારણ હોઈ શકે ? દૈનિક મુસીબતો, ક્રમિક રીતે વ્યવસ્થાનુસાર આવતી હોય છે, પરંતુ લોકો એને દૈવીપ્રકોપ, ઈશ્વરઈચ્છા અથવા સંસાર દુઃખમય છે વગેરે શબ્દો દ્વારા માનસિક સંતોષ માની લે છે. વાસ્તવમાં ભગવાન કોઈના માટે દુઃખ કે શોક જન્માવતા નથી કે ન તો

કોઈને દુઃખમાં નાખવાની તેમની ઇચ્છા છે અને ન તો આ સંસાર દુઃખમય છે.

કરોળિયો પોતાનું જાળું પોતે જ બનાવે છે અને તેમાં પોતે ખુદ ફસાય છે, લટકે છે, એ જ રીતે મનુષ્ય પણ પોતાના મનને અશુભ, અધર્મી, પાપી બનાવીને પોતાના માટે દુઃખ-દર્દોના કાંટા પોતે જ વાવે છે અને જ્યારે વાગે છે ત્યારે રડે છે. બૂમો પાડે છે અને બીજાઓને દોષ આપે છે. અહીં એક વાત ખૂબ જ સ્પષ્ટ રીતે સમજી લેવી જોઈએ કે પ્રારબ્ધફળ આકસ્મિક રીતે જ ભોગવવાનું આવશે, જેમ કે રોગથી મૃત્યુ, મકાન પડી જવું, ધન ખોવાઈ જવું, પડી જવાથી વાગવું, અંગ-ભંગ થઈ જવું વગેરે. બીજી વ્યક્તિઓ દ્વારા જાણી જોઈને આવાં કર્મો કરવામાં આવતાં નથી, કારણ કે આમાં બે બૂરાઈઓ રહેલી છે. એક તો અપકાર કરનાર વ્યક્તિ માટે ક્ષોભ પેદા થવાથી દુર્ગુણો વધારે વધે છે, જેનાથી મનની ઉદ્વિગ્નતા એકદમ વધી જાય છે અને બીજું અપકાર કરનાર વ્યક્તિને તે ચક્રમાં ફસાવું પડશે. જાણી જોઈને વ્યક્તિઓ દ્વારા જે કર્મો કરવામાં આવી રહ્યાં છે તે નવીન કર્મો છે અને અનાયાસ આકસ્મિક રીતે કષ્ટો આવી પડે છે તે પ્રારબ્ધના લીધે ભોગવવાનાં હોય છે.

ક્રિયમાણ કર્મ શારીરિક છે, જેનું ફળ મોટાભાગે કર્મની સાથેસાથે મળતું રહે છે. દારૂ પીધો કે નશો ચડ્યો. ઝેર પીધું કે મૃત્યુ થયું. શરીર જડ તત્ત્વોનું બનેલું છે. ભૌતિક તત્ત્વો સ્થૂળતાપ્રધાન હોય છે. તેમાં તરત જ બદલો મળે છે. અગ્નિને અડતાં જ હાથ બળી જાય છે. નિયમ વિરુદ્ધ આહારવિહાર કરવાથી રોગની પીડાનું અવિલમ્બ આક્રમણ થાય છે અને તેની શુદ્ધિ પણ જલદીથી થઈ જાય છે. મજૂર પરિશ્રમ કરે છે, બદલામાં તેને પૈસા મળી જાય છે. જે શારીરિક કર્મોમાં કોઈ માનસિક વિચાર અથવા માનસિક પાપ નથી હોતું, ફક્ત શરીર દ્વારા શરીર માટે જ કરવામાં આવે છે તે બધાં ક્રિયમાણ કર્મો છે.

વાંચકોએ સમજી લીધું હશે કે સંચિત કર્મોનું ફળ પ્રાપ્ત થવું શંકાસ્પદ હોય છે જો મોકો મળે તો ફળ આપનાર બને, નહીં તો વિરોધી પરિસ્થિતિઓથી ટકરાઈને નાશ પામે છે. પ્રારબ્ધ કર્મોનું ફળ મળવું નિશ્ચિત છે, પરંતુ તેને અનુરૂપ એવી પરિસ્થિતિ પ્રાપ્ત થવામાં કેટલોક સમય લાગે છે. આ સમય કેટલા દિવસનો હોય છે તે અંગેની કોઈ ચોક્કસ મર્યાદા નથી હોતી તે આજે પણ મળી શકે છે અને કેટલાય જન્મોના અંતરે પણ પ્રાપ્ત થાય છે. જે ફળ અચાનક આવી પડતાં હોય છે, જેમાં મનુષ્યના હાથની વાત હોતી નથી તે બધાં પ્રારબ્ધ કર્મો હોય છે. પુરુષાર્થની અવગણના કરવાથી જે નિષ્ફળતા મળે છે તેને પ્રારબ્ધનું ફળ કહી શકાય નહીં. ક્રિયમાણ કર્મ તો પ્રત્યક્ષ જ છે. તેની બાબતમાં ઉપર બતાવી દેવામાં આવ્યું છે કે ચોક્કસ ફળવાળાં શારીરિક કર્મો ક્રિયમાણ કર્મો હોય છે. આનું ફળ મળવામાં વધુ સમય લાગતો નથી. આ રીતે ત્રણ પ્રકારનાં કર્મ અને તેનાં ફળ મળવાની મર્યાદાની બાબતમાં ઉપર કેટલીક ચોખવટ કરવામાં આવી છે.

કષ્ટોનું સ્વરૂપ અપ્રિય છે, તેનો તાત્કાલિક અનુભવ ખૂબ જ કડવો હોય છે, છતાં અંતે તો જીવ માટે આનંદદાયક અને કલ્યાણકારી જ સાબિત થાય છે. તેનાથી દુર્ગુણોની સફાઈ અને સદ્ગુણોની વૃદ્ધિમાં અસાધારણ સફળતા મળતી હોય છે. આનંદસ્વરૂપ, આત્મપ્રકાશમય જીવન તથા સુખમય સંસારમાં દુઃખોનો થોડોક સ્વાદ એટલા માટે રાખવામાં આવ્યો છે કે, પ્રગતિમાં અવરોધ ઊભો ન થાય. ઘડિયાળમાં ચાવી ભરી દેવાથી તે ફરી યોગ્ય રીતે ચાલવા લાગે છે. હારમોનિયમમાં હવા ભરતા રહેવાથી તેના સ્વર બરોબર ચાલે છે, પેડલ ચલાવવાથી સાઈકલ બરોબર ચાલે છે. અગ્નિની ગરમીથી સૂકાઈને ખાવાનું રંધાય છે. થોડુંક દુઃખ પણ સુખની વૃદ્ધિ માટે જરૂરી છે. સંસારમાં જે કંઈ કષ્ટો છે તે એટલાં જ છે અને એવાં

જ છે. પરંતુ યાદ રાખજો કે જેટલું પણ થોડું ઘણું જે દુઃખ છે તે આપણા અન્યાયનું, અધર્મનું તથા અનર્થનું ફળ છે. આત્મા દુઃખરૂપ નથી. જીવન દુઃખમય નથી અને આ સંસાર પણ દુઃખદાયક નથી.

તમે દુઃખોથી ગભરાશો નહીં. તેનાથી ડરશો કે ધ્રૂજશો નહીં તેને જોઈને ચિંતિત કે વ્યાકુળ બનશો નહીં, પરંતુ તેને સહન કરવા તૈયાર રહો. સાચા મિત્રની જેમ બહુ પસારીને તેને મળો. તે કડવા શબ્દો બોલે છે, અપ્રિય સમીક્ષા કરે છે, તેમ છતાં જ્યારે જાય છે ત્યારે ખૂબ જ માલ-ખજાનો ભેટમાં આપતો જાય છે. બહાદુર સિપાઈની જેમ છાતી ખોલીને તૈયાર થઈ જાઓ અને કહો, "એ ! આવનાર દુઃખો ! અરે ! મારાં બાળકો, આવી જાઓ ! મેં જ તમને પેદા કર્યાં છે. હું જ તમને ગળે લગાડીશ. દુરાચારિણી વેશ્યાની જેમ તમને અનાથ પુત્રો સમજીને સંતાડવાનું અથવા ભગાડી દેવાનું ઈચ્છતો નથી, પણ સતી-સાધ્વીના ધર્મપુત્રની જેમ મારા ખોળામાં આનંદપૂર્વક રમો. હું કાયર નથી, જેથી તમને જોઈને રડું. હું નપુંસક નથી જેથી તમારો ભાર ઉપાડવા આનાકાની કરું. હું મિથ્યાચારી નથી, કે જેથી મારાં જ કરેલાં કર્મોનાં ફળ ભોગવવા નાસતો ફરું. હું સત્ય છું, શિવ છું, સુંદર છું. આવો, મારા અજ્ઞાનના કુરૂપ માનસપુત્રો. ચાલ્યા આવો ! મારી ઝૂંપડીમાં તમારા માટે પણ સ્થાન છે. હું શૂરવીર છું. માટે હે કષ્ટો, તમને સ્વીકારવામાં પાછી પાની કરતો નથી અને તમારાથી બચવા માટે નથી કોઈની મદદ માગતો. તમે મારા સાહસની પરીક્ષા લેવા આવ્યાં છો, હું તૈયાર છું. જુઓ હું કોઈ પણ જાતની આનાકાની કરતો નથી. હું સાહસપૂર્વક તમારો સ્વીકાર કરવા છાતી ખોલીને ઊભો છું."

ખબરદાર ! એવું ન કહેતા કે આ સંસાર ખરાબ છે, દુઃખમય છે, ઈશ્વરની પુણ્યકૃતિ, જેના કણેકણમાં તેણે કારીગરી

ભરી છે, તે ક્યારેય ખરાબ ન હોઈ શકે. સૃષ્ટિ પર દોષારોપણ કરવું તે તો તેના કર્તા પર આક્ષેપ કરવા જેવું છે. 'આ ઘડો ખૂબ જ ખરાબ રીતે બનેલો છે' આનો અર્થ છે કુંભારને નાલાયક કહેવો. તમારો પિતા એટલો નાલાયક નથી જેટલા તમે છો. 'દુનિયા દુઃખમય છે' આ શબ્દ કહીને તેની પ્રતિષ્ઠાને લાંછન લગાડો છો. ઈશ્વરની આ પુણ્યભૂમિમાં દુઃખનો એક અણુ પણ નથી. આપણું અજ્ઞાન જ આપણા માટે દુઃખદાયક છે. આવો ! તમારી અંદરના તમામ કુવિચારો તથા દુર્ગુણોને ધોઈને અંતઃકરણને પવિત્ર કરી લો, જેથી દુઃખોની નિવૃત્તિ થઈ જાય અને આપણે પરમ પદને પ્રાપ્ત કરી શકીએ.

## આપણી દુનિયાના આપણે પોતે જ નિર્માતા

એક દાર્શનિકનો મત છે કે સંસાર એક નિષ્પ્રાણ વસ્તુ છે. તેને આપણે જેવો બનાવવા ઇચ્છીએ તે તેવો જ બની જાય છે. જીવ ચૈતન્ય છે અને કર્તા છે. સંસાર પદાર્થ છે અને જડ છે. ચૈતન્યકર્તામાં એ યોગ્યતા હોય છે કે તે જડ પદાર્થોનો ઈચ્છા અને જરૂરિયાત મુજબ ઉપભોગ કરી શકે. કુંભારની સામે માટી પડી છે. તે તેમાંથી ઘડો પણ બનાવી શકે અને દીપક પણ. સોની પાસે સોનું પડ્યું છે તે તેમાંથી પોતાને મનગમતું આભુષણ બનાવી શકે છે. દરજીના હાથમાં સોય પણ છે અને કપડું પણ છે. તે ધારે તો ઝભ્ભો પણ બનાવી શકે છે અને ધારે તો લેંઘો પણ બનાવી શકે છે. બસ, આ જ પ્રકારે સંસાર આપણી સામે રાખવામાં આવેલો છે. તેમાં સત્ત, રજ અને તમ ત્રણેયનું મિશ્રણ છે. પસંદ કરનાર પોતાની મનગમતી વસ્તુ પસંદ કરી શકે છે. બગીચામાં કાદવ પણ છે, ગંદકી પણ છે અને ફૂલોની સુગંધ પણ છે. કીડાઓ કાદવમાં ઘૂસી જાય છે. માખીઓ ગંદકી શોધી કાઢે છે અને ભમરા સુગંધિત ફૂલ ઉપર આવીને બેસે છે. બધાંને પોતાની મનગમતી વસ્તુ મળી જાય

છે. ચામાચીડિયું અને ઘુવડ રાત્રે પણ પ્રકાશ મેળવી લે છે, મધમાખીઓને ઘાસ અને પાંદડાંમાં મીઠાઈના ઢગલા મળી જતા હોય છે. સાપને વાયુમાં પણ વિષવર્ધક તત્ત્વો પ્રાપ્ત થઈ જાય છે. ત્રિગુણમયી પ્રકૃતિમાં ત્રણેય પ્રકારની વસ્તુઓ ઉપલબ્ધ છે. આ દુકાનમાં ખાટી, મીઠી અને તીખી ત્રણેય પ્રકારની વસ્તુઓ વેચાય છે. જે કોઈ ગ્રાહક આવે છે તે પોતાની મનપસંદ વસ્તુઓ ખરીદીને જાય છે. આના ખજાનામાં કોઈ પણ વસ્તુની ખોટ નથી. દરેક વસ્તુઓનાં ગોડાઉન ભરેલાં છે. માતાએ ષટરસ વ્યંજન તૈયાર કરીને રાખ્યાં છે, જે બાળકને મનભાવતું હોય તે આવીને ખુશીથી ખાઈ શકે છે.

ત્રિગુણમયી પ્રકૃતિનાં બંને પાસાં મોજૂદ છે. એક ભલું અને બીજું ખરાબ. એક કાળું બીજું સફેદ, એક ધર્મ બીજું અધર્મ. એક સુખ બીજું દુઃખ. પસંદ કરવાની પૂરેપૂરી સ્વતંત્રતા તમને છે. દુનિયાનું અસલી સ્વરૂપ કેવું છે તે શરૂઆતમાં જ બતાવી દેવામાં આવ્યું છે. પણ તે એક તાત્ત્વિક વ્યાખ્યા છે. આમ છતાં વિસ્તૃત દૃષ્ટિએ દરેક વ્યક્તિની પોતાની એક અલગ દુનિયા છે.

એક વ્યક્તિ ચોર છે. તેના માનસિક આકર્ષણને કારણે તેની મૈત્રી ઘણા ચોરો સાથે થઈ જશે. ઘરમાં, સમાજમાં તથા જેલમાં ચોરીની જ ચર્ચા જોવા મળશે. ઘરના માણસો તેની સાથે વાત કરશે તો ચોરીની જ કરશે. માતા ખરાબ કહેશે, સ્ત્રી સારું કહેશે, કોઈ ચોરીનું સમર્થન કરશે તો કોઈ વિરોધ. ઘરમાંથી બહાર નીકળતાં જ તેના ઓળખીતા માણસો તેને જ્યારે પણ મળશે તો તેના ચોરીના ધંધા વિશે જ સારો ખરાબ વાર્તાલાપ કરશે. પોતાના સાથી ચોરોને મળશે તો ત્યાં પણ ચોરીની જ વાતો થશે. જેલમાં પણ ચોરો મસિયાઈ ભાઈની જેમ સાથે બેસશે અને પોતાના પ્રિય વિષયની વાતો ખૂબ હળીમળીને કરશે. આ રીતે પેલા ચોરને આ સંસાર ચોરીની ધરી પર

નાચતો દેખાશે. તેમને વિશ્વનું સૌથી મોટું કામ ચોરી જ દેખાઈ છે. અન્ય વાતો તરફ તેનું ધ્યાન ભાગ્યે જ જશે. બીજાં કામો પ્રત્યે તે ઉપેક્ષા સેવશે. આ રીતે વ્યભિચારી વ્યક્તિની દૃષ્ટિમાં તમામ સ્ત્રીઓ, વેશ્યાઓ અને વ્યભિચારિણી, કુમાર્ગગામિની દેખાશે. તે એવાં જ પ્રકારનાં પુસ્તકો અને ચિત્રો પણ એકઠાં કરશે. તેને આવા જ પ્રકારના મિત્રો પણ મળી જશે. તેના મગજમાં સૌથી મોટો પ્રશ્ન કામવાસનાનો ફર્યા કરશે. દારૂડિયો પોતાના જેવા અનેક દારૂડિયા શોધી લઈ પોતાની અલગ દુનિયા બનાવી લેતો હોય છે.

એક જ વ્યક્તિ કેટલાય લોકોને વિવિધ પ્રકારનો દેખાય છે. માતા તેને સ્નેહીપુત્ર માને છે, પિતા આજ્ઞાંકિત પુત્ર માને છે, ગુરુ તેને સુયોગ્ય શિષ્ય સમજે છે. મિત્ર તેને એક ગમ્મતિયાળ મિત્ર માને છે, પત્ની તેને પોતાનો પ્રાણવલ્લભ માને છે અને પુત્ર તેને પિતા સમજે છે. શત્રુ વધ કરવાને યોગ્ય સમજે છે, દુકાનદાર ગ્રાહક સમજે છે, નોકર માલિક સમજે છે, ઘોડો સવાર સમજે છે. માંકડ તેને લોહીથી ભરેલો કોઠાર સમજે છે. જો આ વ્યક્તિની માતા, પિતા, ગુરુ, મિત્ર, સ્ત્રી, પુત્ર, શત્રુ, દુકાનદાર, નોકર, ઘોડો, પોપટ, માંકડ વગેરેની માનસિક ભાવનાઓનું ચિત્ર તમને બતાવવામાં આવે તો, તમે જોશો કે તે એક જ વ્યક્તિના સંબંધમાં આ બધા સંબંધીઓ કેવી કેવી વિચિત્ર કલ્પનાઓ કરી બેસે છે, જે એકબીજાથી તદ્દન ભિન્ન છે. આમાંથી એક પણ કલ્પના એવી નથી કે જે તે વ્યક્તિના સંપૂર્ણ સ્વરૂપને પ્રગટ કરતી હોય. જેને તેની પાસે જેટલું અને જેવું કામ પડે છે, તે તેના સંબંધમાં એવી જ કલ્પના કરી લેતો હોય છે. મજાક તો ત્યાં છે કે તે વ્યક્તિ પોતે પણ પોતાના વિશે કંઈક એવી જ કલ્પના કરતો હોય છે. હું વેશ્યા છું, લાખોપતિ છું, વૃદ્ધ છું, પુત્રરહિત છું, કદરૂપો છું, દુઃખી છું, ખરાબ લોકોથી ઘેરાયેલો છું, વગેરે અનેક

પ્રકારની કલ્પનાઓ કરી લેતો હોય છે અને આ કલ્પનાલોકમાં જીવનભર ભ્રમણ કરતો રહે છે. જેવી રીતે બીજા લોકો તેના માટે પોતાના સ્વાર્થ મુજબની કલ્પના કરી લે છે તે જ રીતે મન પણ ઇન્દ્રિયોની અનુભૂતિના આધારે પોતાના વિશે એક લૂલી-લંગડી કલ્પના કરી લે છે અને એ કલ્પનામાં લોકો નશાખોરની જેમ ઊડતા રહેતા હોય છે. "હું શું છું ?" આ મર્મને જો તે ક્યારેક સમજી શકે તો તે જાણી શકે કે મેં મારા પોતાના વિશે કેટલી ખોટી ધારણા બાંધી લીધી હતી.

લોકો આવી તો અનેક ભાવુકતાપૂર્ણ માનસિક ઉડ્ડયનના હવાઈ ઘોડા પર ચઢીને વાસ્તવિકતાની ધરતી પરથી ખૂબ ઊંચે આકાશમાં ઊડ્યા કરતા હોય છે અને મનની કલ્પનાના નશામાં જ મનના લાડુ ખાધા કરે છે, કોઈ મનના ચણા ચાવ્યા કરતો હોય છે. કોઈ દારૂડિયો સામેની દીવાલને ગાળો બોલીને તેનું માથું ફોડ્યા કરે છે, તો કોઈ કૂતરાને પોતાના બાહુપાશમાં પકડીને પ્રિયતમાની જેમ ચુંબન-આલિંગનની મઝા લઈ રહ્યા છે. આપણે લોકો અજ્ઞાનતાના નશામાં સૂઈ રહ્યા છીએ. કોઈકને મહેલોનાં સ્વપ્નાં આવી રહ્યાં છે, તો કોઈ ભયંકર ખરાબ સ્વપ્નો જોઈને ભયભીત બની રહ્યા છે. કોઈ શેખચલ્લીનું લગ્ન થઈ રહ્યું છે તો કોઈ પાગલ બાદશાહી વધારી રહ્યો છે. દુનિયાનાં પાગલખાનામાં અનેક પ્રકારની ખોપરીઓ ડોલી રહી છે. આ બધી જ મૂર્તિઓ, પોતપોતાના ઢંગે વિચિત્ર છે. બધા જ પોતાને હોશિયાર સમજી રહ્યા છે. જો તમે ક્યારેક પાગલખાનું જોવા ગયા હોય અને વધારે સમય ત્યાં પૂરાયેલા પેલા પાગલોની જો વાતો સાંભળી હોય તો, સરળતાથી આ દુનિયાદારીના લોકોનાં તે સ્વપ્નોની સરખામણી કરી શકો છો કે જે દુનિયા વિશે જોતાં હોય છે.

મનુષ્યને વિવિધ પ્રકારનાં સુખો અને દુ:ખોમાં હસતાં અને રડતાં જોઈએ છીએ. ''દુનિયા ખૂબ જ ખરાબ છે, જમાનો ખૂબ જ ખરાબ છે, ઈમાનદારીનો જમાનો જતો રહ્યો છે,

ચારેબાજુ બેઈમાની જ ફેલાઈ ગઈ છે. બધા જ દગાબાજ છે, ધર્મ ધરતી પરથી જતો રહ્યો છે'' આવી ઉક્તિઓ જે વ્યક્તિ વારંવાર દોહરાવતો હોય તો સમજી લો તે પોતે જો દગાબાજ અને બેઈમાન હોય છે. તેની ઇચ્છિત વસ્તુઓ તેની ચારેતરફ ભેગી થઈ ગઈ છે અને તેની મદદથી તેના માનસ પર તેનું કલ્પનાચિત્ર તેના મન પર અંકિત થઈ ગયું છે. જે માણસ કહ્યા કરતો હોય કે દુનિયામાં કોઈ કામ નથી. બેકારીનું બજાર ગરમ છે, ઉદ્યોગ-ધંધા બેસી ગયા છે, સારાં કામો મળતાં જ નથી, સમજી લે કે તેની અયોગ્યતા તેના ચહેરા પર છવાઈ ગઈ છે અને જ્યાં જાય છે ત્યાં દર્પણમાં પોતાના મુખને જોઈ પાછો ફરે છે. જેને દુનિયા સ્વાર્થી, દંભી, દુઃખમય, કલુષિત, દુર્ગુણી, અસભ્ય દેખાય છે, તેના માટે સમજી લેવું કે તેની અદર પણ એવા જ ગુણો ભરેલા પડ્યા છે. દુનિયા એક લાંબો-પહોળો વિશાળ બિલોરી કાચનું દર્પણ છે. તેમાં ચહેરો આબેહૂબ રીતે દેખાય છે. જે વ્યક્તિ જેવી છે, તેના માટે ત્રિગુણમયી સૃષ્ટિમાંથી આવાં તત્ત્વો નીકળીને આગળ આવી જાય છે.

ક્રોધી મનુષ્ય જ્યાં હશે ત્યાં તેને કોઈકને કોઈક લડનાર મળી જ જશે. ધૃણા કરનારને કોઈને કોઈ ધૃણિત વસ્તુ મળી જ જવાની. અન્યાયી મનુષ્યને બધા જ માણસો બેહૂદા, અસભ્ય અને સજા કરવાને લાયક જણાશે. બને છે એવું કે મનુષ્ય પોતાની મનોભાવનાઓ સામેની વ્યક્તિ પર આરોપિત કરી દે છે અને તેને એવો જ સમજી લે છે, કે જેવો પોતે જાતે જ છે. સાધુઓને અસાધ્વી સ્ત્રીઓનો ભેટો નથી થતો. વિદ્યાભ્યાસીઓને સદ્જ્ઞાન મળી જ જતું હોય છે. જિજ્ઞાસુઓની જ્ઞાનપિપાસા પૂરી થતી જ હોય છે. સત્‌યુગી આત્માઓ દરેક યુગમાં હોય જ છે અને તેમની આસપાસ કાયમ સત્‌યુગ જ હોય છે.

મારો કહેવાનો એવો અર્થ નથી કે આ દુનિયા દૂધ જેવી ઊજળી છે અને તમે તમારા દૃષ્ટિદોષને કારણે જ તેને એવી

સમજી બેઠા છો. આગળ વારંવાર કહેવામાં આવ્યું છે કે દુનિયા ત્રિગુણમયી છે. દરેક વસ્તુ ત્રણ ગુણોથી બનેલી છે આમાં તમારાથી નાની કક્ષાનાં બાળકો પણ ભણે છે. તમારી સમકક્ષનાં ભણવાવાળા પણ છે અને તે પણ છે જે તમારાથી ખૂબ જ આગળ છે. ત્રણેય પ્રકારના લોકો અહીંયાં છે. તમારાથી ઉપલી કક્ષામાં છે તે સતોગુણી છે, તમારી સમકક્ષ ભણે છે તે રજોગુણી છે અને નીચલી કક્ષાવાળાંને તમોગુણી કહી શકો છો. ડાકૂની સરખામણીમાં ચોર સતોગુણી છે, કેમ કે ડાકૂ કરતાં ચોરમાં કંઈક અંશે ઉદારતા વધુ હોય છે, પરંતુ ચોર અને ડાકૂ બંને કરતાં પરસેવો પાડનાર મજૂર ઊંચો છે. તેનાથી બ્રાહ્મણ ઊંચો છે અને તેનાથી ઊંચો સાધુ છે. ડાકૂ કરતાં સાધુ ઘણો ઊંચો છે પણ જીવનમુક્ત આત્મા કરતાં સાધુ તેટલો જ નીચો છે જેટલો સાધુ કરતાં ડાકૂ નીચો છે. શું આ ડાકૂ બધાં કરતાં નીચો છે ? ના, સાપ કરતાં તો તે પણ ઊંચો છે. સાપ તેની સાપણ માટે ઉદાર છે. ડાકૂ પોતાના પરિવાર માટે ઉદારતા દર્શાવે છે. ચોર પોતાના સંબંધીને ત્યાં ચોરી કરતો નથી. બ્રાહ્મણ પોતાની જ્ઞાતિના કલ્યાણમાં ડૂબેલો રહેશે. સાધુ માનવમાત્ર પ્રત્યે ઉદાર છે, પણ જીવનમુક્ત આત્મા માટે મનુષ્ય અને કીડી વચ્ચે કોઈ જ ભેદ દેખાતો નથી. તે બધે એક જ આત્માને જુએ છે. તાત્પર્ય એ છે કે પરમ પદ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી દરેક પ્રાણી અપૂર્ણ છે. તેનામાં થોડાક અંશે પણ નીચ સ્વભાવ રહેવાનો જ. જે દિવસે તમામ નીચતા સમાપ્ત થઈ જશે તે દિવસે તે ઉન્નતિના અંતિમ શિખર પર પહોંચીને અંતિમ લક્ષ્યને પ્રાપ્ત કરી લેશે. સૃષ્ટિનું દરેક પ્રાણી આજના વર્તમાન સ્વરૂપમાં અપૂર્ણ છે. અપૂર્ણનો અર્થ છે દોષમુક્ત. ચોક્કસ, બધા દોષ કરતાં ગુણ વધારે છે. બેશક અધર્મ છે જ પણ તેના કરતાં ધર્મ વધારે છે. અંધારું ઘણું છે પણ તેના કરતાં પ્રકાશ વધારે છે. દુનિયાવાળાઓ ખરાબ છે પણ ખરાબી કરતાં તેમનામાં ભલાઈ વધારે છે. આપણે પેલી ભલાઈ ઉપર જ

આપણી નજર રાખવી જોઈએ. ભલાઈથી જ, સારાપણામાંથી જ આનંદ મેળવવો જોઈએ અને ભલાઈનો જ હંમેશાં વિકાસ કરવો જોઈએ. દિવસમાં આપણે જાગીએ છીએ. પ્રકાશમાં કામ કરીએ છીએ. અજવાળામાં રહેવાનું પસંદ કરીએ છીએ. જ્યારે રાત પડે છે અને અંધારું થાય છે ત્યારે આપણે આંખો બંધ કરીને સૂઈ જઈએ છીએ. જેઓને રાત્રે પણ કામ કરવું પડે છે તેઓ દીવો કરી લે છે. આપણી આ પ્રકાશમાં કામ કરવાની અને અંધારામાં સૂઈ જવાની પ્રવૃત્તિ એ શીખવે છે કે સંસારની સાથે કઈ રીતે વ્યવહાર કરવો જોઈએ. ક્યા આદમીમાં ક્યા સદ્‌ગુણ છે, તેને શોધી કાઢો અને તેનાથી સંબંધ રાખો અને તેમાંથી જ આનંદ મેળવો. એને જ પ્રોત્સાહિત કરો. જે કોઈ દોષ છે તેને જુઓ ખરા પણ તેમાં મૂંઝવણમાં ન પડશો. રાતની જેમ આંખો બંધ કરી દો. મહર્ષિ દત્તાત્રેયની કથા જાણનારને ખ્યાલ હશે કે તે દુનિયાની ખરાબ અને સારી બંને બાજુઓનો સમન્વય કરતા રહ્યા ત્યાં સુધી ખૂબ જ ચિંતિત અને દુઃખી રહ્યા. પરંતુ જ્યારે એમણે ખરાબ બાજુ પરથી પોતાની દૃષ્ટિ હટાવી લીધી અને સારી સફેદ બાજુ ઉપર ધ્યાન આપ્યું તો તેને બધા જ જીવો આદરણીય, ઉપદેશ દેનાર અને પવિત્ર દેખાવા લાગ્યા. તેમણે ચોવીસ ગુરુ બનાવ્યા, જેમાં કૂતરો, બિલાડી, શિયાળ, કરોળિયો, માખી, કાગડો, સમડી જેવા જીવો પણ હતા. તેમને પ્રતિત થયું કે કોઈ પણ પ્રાણી ધૃણિત નથી. બધાંની અંદર મહાન આત્મા છે અને તે બધાં મહાનતા માટે આગળ વધી રહ્યાં છે. જ્યારે આપણે આપણી દૃષ્ટિને ગુણગ્રાહક બનાવી લઈએ છીએ તો દુનિયાનો સમગ્ર નકશો બદલાઈ જાય છે. દોષની જગ્યાએ ગુણ, બુરાઈની જગ્યાએ ભલાઈ, દુઃખની જગ્યાએ સુખ આવી જતું હોય છે. ખૂબ જ ખરાબ દુનિયા, ખૂબજ સારી બની જતી હોય છે.

તલની પાછળ તાડ છૂપાયેલું છે. ભૂલભૂલામણીના ખેલમાં ચોર થોડીક ભૂલના કારણે દરવાજાથી આગળ નીકળી જાય છે.

જાદુગર એક પોલી લાકડી રાખે છે. તેની એક બાજુએ પીળો અને બીજી બાજુએ વાદળી દોરો હોય છે. આ કાણામાંથી ખેંચે છે તો દોરો પીળો નીકળે છે અને બીજામાંથી ખેંચે છે તો દોરો વાદળી નીકળે છે. પણ પેલી પોલી લાકડીની અંદર દોરાનો એક છેડો ફસાયેલો હોય છે તેથી તેની અદલાબદલી થતી રહે છે. સંસાર કોઈકને ખરાબ લાગે છે કોઈકને સારો. આનું કારણ આપણી દૃષ્ટિમાં કંઈક ખામી છે. આ સમસ્યાને ઉકેલવા માટે આપણા દૃષ્ટિકોણને બદલી નાખો. આપણી જૂની કલ્પનાઓને તોડીને ફેંકી દો. વિવિધ પ્રકારની સમસ્યાનાં જાળાં મગજમાં બાઝી ગયાં છે તેને ઉખાડીને, તોડીને એક ખૂણામાં ફેંકી દો. પોતાનું ત્રીજું નેત્ર ખોલીને જૂની દુનિયાને નષ્ટ કરી નાખો. વર્તમાન કળિયુગને પ્રલયની ખાઈમાં પડવા દો અને પોતાનો સતયુગ પોતાના માનસમાં સ્વયં રચી દો. તમે દુનિયાના અંધારાને-તમોગુણને જોવાનું બંધ કરી દો અને પ્રકાશ-સતોગુણને જુઓ. પછી જુઓ કે જે દુનિયા નરક સમાન લાગતી હતી તે એક દિવસ પછી સ્વર્ગ બની જશે. કાલે જે પુત્ર અવજ્ઞાકારી લાગતો હતો, સ્ત્રી કર્કશ લાગતી હતી, ભાઈ જીવ લેવા તૈયાર હતો, મિત્ર કપટી હતો તે પોતાની દૃષ્ટિ બદલતાં ખૂદ બદલાઈ જશે. કારણ એ છે કે જેટલો વિરોધ ખરેખર દેખાય છે, વાસ્તવમાં તેનો સોમો ભાગ હોય છે. બાકી બધું કલ્પનાના રંગે રંગીને વધારવામાં આવે છે. પુત્રે સરળ સ્વભાવથી અથવા કોઈ અન્ય કારણથી તમારું કહેવું માન્યું નથી. તમે માની લીધું કે તેણે તમારું અપમાન કર્યું છે. અપમાનનો વિચાર આવતાં જ ક્રોધ આવે છે. ક્રોધની સાથે તમારા સુષુપ્ત મનોવિકારો જાગે છે અને મનોવિકાર જાગતાં જ એક ભયંકર તામસી માનસિક ચિત્ર બની જાય છે. જેમ કે મનમાં ભય પેદા થતાં જ સામેની ઝાડીમાંથી મોટા મોટા દાંત અને લાલ લાલ અને મોટી મોટી આંખોવાળું એક ભૂત પણ પેદા થઈ જાય છે. બસ, એ જ રીતે ક્રોધના કારણે મનોવિકાર જાગવાથી મનોવિકારોનું આસૂરી

માનસિક ચિત્ર પુત્રના શરીરમાં પેલા ઝાડીમાંથી પ્રગટતા ભૂતની જેમ દેખાવા લાગે છે. બિચારો પુત્ર તો જાણતો જ ન હતો કે હું જાણી જોઈને પિતાની અવજ્ઞા કરી રહ્યો છું. આનાથી થોડા પિતાજી નારાજ થશે ? પણ પરિણામ એવું આવ્યું જેની કોઈ કલ્પના જ ન હતી, પિતાજી ક્રોધિત થયા, ધૃણા કરવા લાગ્યા, મારવા તૈયાર થઈ ગયા અને દુર્ભાગ્ય પર આંસુ પાડવા લાગ્યા. કંઈ ન હતું છતાં આટલું ભયંકર બની ગયું. પુત્ર વિચારે છે કે તે ખરેખર નિર્દોષ છે. રમવા જવાની ધૂનમાં પિતાજીને પાણીનો ગ્લાસ આપવાનું ભૂલી ગયો હતો અથવા તો ઉપેક્ષા કરવામાં આવી હતી. આવડી સામાન્ય, નજીવી બાબતે આટલું ગુસ્સે થવું, ધમકાવવું, શિક્ષા કરવી કેટલું અયોગ્ય છે ? આ અયોગ્યતાના વિચારે પુત્રને પણ ક્રોધ આવે છે. તે પણ એ જ રીતે પોતાના મનોવિકારોને બહેકાવીને પિતાના સરળ હૃદયમાં દુષ્ટતા, મૂર્ખતા, ક્રૂરતા, શત્રુતા અને ન જાણે કેટલાય અન્ય દુર્ગુણોનું આરોપણ કરે છે અને તે પણ એક એવું જ ભૂત ઉપજાવી દે છે. બંનેમાં કટુતા વધે છે. તે ભૂત અંદરોઅંદર લડે છે અને કાગનો વાઘ બનાવી દે છે. કલ્પનાનું ભૂત રતીભાર દોષને વધારી વધારીને પર્વત સમાન બનાવી મૂકે છે અને તે બંને એકબીજાના ભયંકર શત્રુઓ બની જાય છે.

મારા અનુભવમાં આવા અનેક પ્રસંગો આવ્યા છે. અનેક વિરોધીઓ વચ્ચે સમજૂતી કરાવવી પડી છે. શત્રુઓને મિત્ર બનાવવા પડ્યા છે. બંનેમાં વિરોધ કઈ રીતે શરૂ થયો તેનાં કારણોની તપાસ કરતાં જાણવા મળ્યું કે વાસ્તવિક કારણ તો ખૂબ જ નાનું હતું. પાછળથી બંને પક્ષો પોતપોતાની કલ્પનાઓ વધારતા ગયા અને વાતનું વતેસર કરી દીધું હતું. જો બંને એકબીજાને સમજવા પ્રયત્ન કરે એકબીજાની ઇચ્છા, સ્વભાવ, મનોભૂમિનો ઉદારતાપૂર્વક અભ્યાસ કરે, પોતપોતાનો ભાવ એક બીજા પ્રત્યે પ્રગટ કરે તો, જે અંદરોઅંદરના તનાવને કારણે ઝઘડા દેખાતા હોય છે, તેનો નવ્વાણુંમો ભાગ ઓછો થઈ જાય

અને સો ભાગમાંથી એક ભાગ જ રહી જાય. ઝઘડા-ટંટાનાં વાસ્તવિક કારણો એટલાં બધાં છે કે જે લોટમાં મીઠા જેટલાં જ હોય છે અને જે સ્વાદપરિવર્તન માટે જરૂરી છે. મરચું ખૂબ જ તીખું હોય છે. વધારે સહન થતું નથી, પણ ઓછું પ્રમાણ તો રુચિકર છે. તેના વગર શાક ફીક્કું લાગે.

નીચ યોનિમાંથી આગળ વધીને મનુષ્ય યોનિમાં માતાના ગર્ભમાંથી જન્મેલું નવું બાળક ખૂબ અપૂર્ણ છે. એનામાં મનુષ્ય જાતિને અનુરૂપ બધી જ યોગ્યતાઓ શરૂઆતમાં નથી હોતી. આ બાળક દિવસે સૂઈ જાય છે અને રાત્રે જાગતો રહે છે. કપડાં પર મળમૂત્ર પણ કરી નાખે છે. ભૂખ લાગતાં જોરદાર ચીસો પાડે છે અને ઘર ગૂંજી ઉઠે છે. તેનો ઉત્પાત સતાવતો રહે છે. જે માતાને જલદી જલદી બાળકો થતાં હોય છે તેનું ઘર આવા ઉત્પાતોથી ગભરાઈને ઘર છોડી જાય છે ? અથવા આ ઉત્પાતથી ભરેલું રહે છે. પરંતુ શું કોઈ પિતા, માતા, ભાઈ, બહેન વગેરે આ નવજાત શિશુઓના ઉત્પાતથી કંટાળીને, વધતી સંખ્યાથી ડરીને ઘર રહેવાલાયક નથી એવું માની બેસે છે ? સાચું તો એ છે કે આ ઉત્પાત પણ ઉદાર હૃદયવાળા લોકો માટે મનોરંજન અને સમય પસાર કરવાનું એક સાધન બની જાય છે. જો ઉત્પાતી બાળકોનો જન્મ ન થતો હોત તો તેમને ઉછેરવાનો આનંદ કેવી રીતે મળતો ?

પ્રત્યેક વિકસિત આત્માનું કર્તવ્ય છે કે તે આત્મવિકાસ માટે અને બીજાઓની પ્રગતિ માટે પણ પ્રયત્ન કરે. પડેલાઓને ઊભાં કરવા પ્રોત્સાહિત કરે. સમાજમાં તમોગુણ વધતો રહેવાનો, તેનાથી ડરવા અથવા ગભરાવાની જરૂર નથી. આત્મોન્નતિ ઇચ્છનાર આત્માનું કર્તવ્ય છે કે એ ઉત્પાતોમાં સુધારો કરતાં કરતાં પોતાના બાહુઓને મજબૂત બનાવે. દુષ્ટતાને વધવા ન દેવી, પાશવિક તત્ત્વોને મનુષ્ય તત્ત્વમાં મળી જવાનો પ્રયત્ન ન થવા દેવો તે જરૂરી છે. હોશિયાર કંદોઈ દૂધને માખીઓથી બચાવતો રહે છે, જેથી દૂધ અશુદ્ધ ન બને. કર્મ કૌશલ્ય તો

એમ કહે છે કે, સમાજમાં ખરાબ પ્રવૃત્તિઓને વધતી અટકાવવી જોઈએ. વિરોધ કરવામાં પણ ખૂબ હોશિયારીની જરૂર છે. તલવારની ધાર પર ચાલવા બરોબર છે.

બુરાઈઓથી ખદબદી રહેલી આ દુનિયામાં તમારું કર્તવ્ય શું હોવું જોઈએ ? આ પ્રશ્નનો ઉત્તર આપણને ભગવાન સૂર્યનારાયણ આપે છે. તેઓ પ્રકાશ ફેલાવે છે, અંધારું આપોઆપ નાસી જાય છે. વાદળાં વરસાદ વરસાવે કે ગરમી આપોઆપ શાંત થઈ જાય છે. ભોજન કરતાંની સાથે જ ભૂખ મટી જાય છે. સ્વાસ્થ્યસંબંધી નિયમોનું પાલન કરવાથી દુર્બળતા આપોઆપ દૂર થાય છે. જ્ઞાન પ્રાપ્ત થતાં અજ્ઞાનતાનો અંધકાર હટી જાય છે. સીધો અને સરળ રસ્તો એક જ છે કે જો બૂરાઈઓને દૂર કરવી હોય તો સારાપણું વિકસાવવું જોઈએ. અધર્મને નષ્ટ કરવા માટે ધર્મનો પ્રચાર કરવો જોઈએ. રોગ-નિવારણનો સાચો ઉપાય એ છે કે લોકોના મનમાં સ્વાસ્થ્યના નિયમોનું મહત્ત્વ સમજાવવું પડે. બીમાર થાય ત્યારે દવા આપવી તે ઠીક છે, પણ સમાજને ઠીક કરવા માટે આપણાં દવાખાનાં બિચારાં લાચાર છે. શિક્ષા અને નીતિનિયમો ખૂબ જ જરૂરી છે, પણ તે દવાખાનાનું કામ કરે છે. તાત્કાલિક જરૂરિયાતની દવા કરે છે એટલે કે પ્રાથમિક ઉપચારનું કામ કરે છે. મૂળ કારણોનું નિવારણ શિક્ષા કે નીતિ નિયમોથી નથી થતું. વિરોધ કરવો તે ઑપરેશન જેવું એક તાત્કાલિક કાર્ય છે જે ડૉક્ટરનું કામ ફક્ત ઑપરેશન કરવા પૂરતું જ હોય તો તે કસાઈ જ કહેવાય. મહત્ત્વ તો એ ડૉક્ટરનું છે જે પ્રેમપૂર્વક દુઃખને મટાડે છે. પડેલા ઘાને રુઝવે છે. પણ એવો ડૉક્ટર શું કામનો જે માત્ર પરૂ કાઢવા માટે ગૂમડાને ચીરી નાખે. પણ એવી તો ખરાબ રીતે ચીરે કે ઘા વધારે ઊંડો પડે અને દવા કરવાની મૂર્ખતામાં ઑપરેશનનો ઘા ઊંડો પડી જાય અને હાડકાંને પણ સડવું પડે અને રોગી માટે આ દવા પ્રાણઘાતક-જીવલેણ નીવડે.

તમે સરળ માર્ગ અપનાવો, લડવાનું, કચકચાટ કરવાનું

અને ચીડાવાનું છોડીને દાન, પ્રેમ અને સુધારણાનો માર્ગ અપનાવો. એક આચાર્યનું કહેવું છે કે, ''પ્રેમના બે શબ્દો, કઠોરતાની લાત કરતાં પણ વધુ ઊંચા છે, શક્તિશાળી છે.'' પ્રત્યેક મનુષ્યે વત્તાઓછા પ્રમાણમાં પોતાની અંદર સાત્ત્વિકતાને ધારણ કરેલી છે. તમો તેની સાત્ત્વિકતાને પકડો અને સુષુપ્તતાને જગાડો. વ્યક્તિમાં કેટલું સાત્ત્વિકપણું છે તે જાણો અને તે પ્રમાણે તેમાં વધારો કરવાનો પ્રયત્ન કરો. બૂરાઈનો અંત લાવવાનો એ જ એક ઉપાય છે કે તેની સામે સદ્‌ગુણો વધારો. તમારે એક શીશીમાંથી હવા કાઢવી છે, પણ તેમાં કશુંક ભર્યા વિના હવા નીકળશે કઈ રીતે ? જો તમે તેમાં પાણી નહીં ભરો તો તમારો પ્રયત્ન વ્યર્થ જશે. એક વાર હવાને કાઢશો પણ જો શીશી ખાલી હશે તો ફરી હવા ભરાઈ જશે. ગાડી જે જગ્યાએ ઊભી છે ત્યાં ઊભી ન રાખવી હોય તો તેને ખેંચીને આગળ ઊભી રાખો. તમારી ઇચ્છા પૂરી થઈ જશે. તમે ગાડીને ખસેડવા તો માંગો છો, પણ આગળ ચલાવવાનું પસંદ ન કરો તો ગાડી ત્યાંથી હટશે શી રીતે ? હા, સંતોષ ખાતર થોડીવાર પૂરતાં તેનાં પૈડાં ઊંચાં કરીને આશ્વાસન મેળવી શકો, પણ ફરી પાછાં પૈડાં નીચે મૂકતાં એ જ જગ્યાએ ગાડી ઊભી હશે. સંસારમાં જે કોઈ દોષ તમને દેખાય છે, તેને દૂર કરવા તમે ઇચ્છો છો, તો તેના વિરોધી ગુણોનો ફેલાવો કરી નાખો. એટલે કે દુર્ગુણોને દૂર કરવા માટે સદ્‌ગુણો વિકસાવો. તમે ગંદકી ફેલાવવાનું કામ શા માટે કરો છો ? તેને બીજા માટે રાખી મૂકો. તમે તો અત્તર છાંટવાનું કામ કરો. સમાજમાં મરેલા ઢોરોનાં ચામડાં ઉખેડવાની પણ જરૂર છે. પણ તમે તો પ્રાધ્યાપક બનવાનું પસંદ કરો. એવી ચિંતા તમે કરો નહીં કે, જો હું ચામડાં નહીં ઉખેડું તો કોણ ઉખેડશે ? વિશ્વાસ રાખો, કુદરતના આ સામ્રાજ્યમાં આ કામ કરનારાં અનેક પ્રાણીઓ છે. ગુનેગારને સજા કરનારા જરૂર કરતાં વધારે છે. છોકરું કોઈની છેડતી કરશે તો તેના ગાલે તમાચો મારનાર ઘણા છે. પણ એવા મિત્રો ક્યાં મળશે કે જે દૂધ પીવડાવે અને કપડાં પહેરાવે. તમે થપ્પડ મારવાનું કામ બીજાઓ માટે છોડી દો.

લાતનો જવાબ મુક્કાથી આપવામાં પ્રકૃતિ ખૂબ હોશિયાર છે. તમે તો એ માતાનું ઉદાહરણ ગ્રહણ કરો જે બાળકને પોતાની છાતીનો રસ કાઢીને પીવડાવે છે અને ખુદ ભીનામાં સૂઈને બાળકને સૂકામાં સૂવડાવે છે. તમને જે ઉચ્ચ જ્ઞાન પ્રાપ્ત થયું છે તેને વિદ્વાન પ્રાધ્યાપકની જેમ શાળાના નાનાં નાનાં બાળકોમાં વહેંચી છે. શક્ય છે કે લોકો તમને દુઃખ આપે. તમારો તિરસ્કાર કરે, તમારા મહત્ત્વને સમજે નહીં. તમારી ગણતરી મૂર્ખમાં કરે અને વિરોધી બનીને વિના કારણે રસ્તામાં અનેક અવરોધો પેદા કરે. પરંતુ તેની જરા પણ ચિંતા કર્યા વિના, વિચલિત થયા વિના તમારી પ્રવૃત્તિ ચાલુ રાખો. કારણ કે આવા લોકોની સંખ્યા ખૂબ જ અલ્પ હશે. સો આદમી તમારી સદ્પ્રવૃત્તિનો લાભ લે છે તો બે ચાર વિરોધી પણ હશે. આ વિરોધ તમારે માટે ઈશ્વરના પ્રસાદ સમાન હશે કારણ કે એના લીધે સતત આત્મનિરીક્ષણ કરતાં રહી, ભૂલોને સુધારતા રહો અને અવરોધ આવે તો તેનો સંઘર્ષ કરતા રહી, એનાથી જે શક્તિ પ્રાપ્ત થાય તે મેળવીને આગળ વધતા રહો.

તમે સમજી લીધું હશે કે સંસાર અસાર છે, તે વૈરાગ્ય લેવા જેવો છે, પણ આત્મોન્નતિ માટે કર્તવ્યધર્મના પાલન માટે વૈરાગ્ય બાધક નથી. સાચું તો એ છે કે વૈરાગ્યને અપનાવીને આપણે વિકાસના પંથે તીવ્ર ગતિથી આગળ વધી શકીએ છીએ. સંસારને દુઃખમય સમજવો એક મોટી ભૂલ છે. સંસાર સુખમય છે. જો સંસારમાં સુખ ન હોત તો, સ્વતંત્ર, શુદ્ધ, બુદ્ધ તથા આનંદી આત્મા આમાં આવવા માટે ક્યારેય તૈયાર ન થાત. સુખના અભાવનું બીજું નામ દુઃખ છે. તે સિવાય બીજું કશું નથી. રાજમાર્ગ છોડીને કાંટાળી ઝાડીમાં ભટકવું દુઃખ છે. દુઃખ, વિરોધ, વેર, કલેશ, કંકાસ વગેરે મોટાભાગનું કાલ્પનિક હોય છે. બીજા લોકો ખરેખર એટલા ખરાબ નથી હોતા, જેટલા આપણે સમજીએ છીએ. જો આપણે આપણા મગજને સાફ કરી નાખીએ, આંખ ઉપર પહેરેલાં રંગીન ચશ્મા ઉતારીને ફેંકી દઈએ, તો સંસારનું સાચુ ચિત્ર તમને જોવા મળશે. આ તો દર્પણ સમાન છે. ભલા માટે ભલા અને ખરાબ માટે ખરાબ.

જેવી આપણી દૃષ્ટિ ભલાઈ જોવા લાગશે તેમજ સ્નેહપૂર્ણ સુધાર કરવા લાગશે કે તરત જ સમગ્ર સંસાર તેનો પ્રેમ આપણા ઉપર વરસાવવા લાગશે. અંતરીક્ષમાંથી મુક્ત આત્માઓ અવિરત પ્રેમ-વર્ષા કરવા લાગશે. ઠંડાં ચશ્મા પહેરી લેવાથી જેઠ મહિનાની બળબળતી ગરમીમાં પણ ઠંડક લાગે છે. ગોબરના કીડા માટે ગોબર અને હંસ માટે મોતીઓનો ખજાનો આ સંસારમાં ભરપૂર છે. તમારે માટે તમે જે ઇચ્છો છો તે વસ્તુઓ તૈયાર છે. જે લોકો સંસારને દુ:ખમય, પાપી અને અન્યાયી માને છે તો તે 'મનસાભૂત'ની જેમ તે જ રૂપમાં સામે આવે છે અને જો સુખ માની લેવામાં આવે તો મસ્ત ફકીરની જેમ સૂકી રોટી ખાઈને બાદશાહી આનંદ લૂંટે છે. આમ તો દુ:ખ અને પાપનો કેટલોક ભાગ દુનિયામાં છે પણ તે સહન કરવા યોગ્ય છે. સુખનું મહત્ત્વ વધારનાર છે. જે પાપ છે તે આત્મોન્નતિનું મુખ્ય સાધન છે. જો પરીક્ષાની વ્યવસ્થા જ ન હોય તો વિદ્વાન અને મૂર્ખમાં કોઈ તફાવત જ ન રહે.

સૃષ્ટિ જડ હોવાને કારણે તે આપણા માટે સુખદુ:ખનું કારણ છે એવું કહી શકાય નહીં. આ બાબતને જાણવા માટે વાંચકોને ઉપરોક્ત વાતોથી સમજવામાં મદદ મળી હશે. આ તો દર્પણ જેવું છે. જેનાથી દરેક વ્યક્તિ પોતાનું સુંદર અથવા કુરુપ મોઢું જોઈ શકે છે. 'સંસાર કલ્પિત છે' આ ઉક્તિની પાછળ દર્શનશાસ્ત્રીય રીતે આ જ મર્મ છૂપાયેલો હશે. દરેક વ્યક્તિ પોતાની કલ્પના અનુસાર સંસારને સમજે છે. કેટલાક આંધળાઓએ એક હાથીને પકડ્યો. જે પૂંછડીને અડક્યો તેને હાથી સાપ જેવો લાગ્યો. પગ પકડનારને હાથી થાંભલા જેવો લાગ્યો. જેણે પેટ પકડ્યું તેને પર્વત જેવો લાગ્યો. સંસાર પણ આવો જ છે. તેનું સ્વરૂપ પોતાની પાસેનું સ્થાન જોઈને નક્કી કરી લેવામાં આવે છે. તમે તમારી આજુબાજુ પવિત્રતા, પ્રેમ, ભ્રાતૃભાવ, ઉદારતા, સ્નેહ, દયા, ગુણ, દર્શન વગેરેનું વાતાવરણ તૈયાર કરી દો. તમારી દૃષ્ટિને ગુણગ્રાહી બનાવી દો તો હું સોગન ખાઈને કહી શકું કે તમારે માટે આ જ સંસાર નંદનવન જેવો, સ્વર્ગના ઉચ્ચ શિખર જેવો આનંદદાયક ઉપવન બની જશે. ભલેને પાડોશીઓ

પોતાની ખરાબ અને દુઃખદાયક કલ્પનાનુસાર આને ખરાબ અને કષ્ટદાયક સમજે.

## દુઃખનું કારણ એકલું પાપ જ નથી

આમ તો દુઃખ કોઈને ગમતું નથી. લોકો સમજાવે છે કે કાં તો પોતાના લીધે અથવા દૈવી કોપના કારણે દુઃખ આવે છે. પરંતુ આ સંપૂર્ણ સત્ય નથી. દુઃખોનું એક કારણ તો પાપ છે. પરંતુ બધાં દુઃખોનું મૂળ પાપ છે તેવું માની લેવું બરોબર નથી.

કેટલીક વાર એવું પણ બને છે કે ઈશ્વરની કૃપાના લીધે અથવા સંચિત પુણ્યોના લીધે અને કેટલીક વાર પુણ્યસંચયની તપશ્ચર્યાને કારણે પણ દુઃખો આપે છે. કોઈ પણ પ્રાણી ઉપર દયા કરીને ભગવાન તેને પોતાની શરણમાં લે છે, કલ્યાણકારી માર્ગ તરફ લઈ જાય છે. જ્યારે ભગવાન કોઈ પણ જીવ માટે આવું વિચારે છે ત્યારે તેને ભવબંધન, કુપ્રવૃત્તિઓથી છોડાવવા માટે એવા દુઃખદાયક પ્રસંગો ઉત્પન્ન કરે છે, જેની ઠોકર ખાઈને મનુષ્ય પોતાની ભૂલ સુધારી નાખે, ઊંઘવાનું છોડીને સાવધાન થઈ જાય.

સાંસારિક મોહ, મમતા તથા વિષય-વાસનાનો ચસકો એવો તો લોભામણો હોય છે કે, છોડીક ઇચ્છા હોય તો તેને છોડી શકાતું નથી. એક સામાન્ય વિચાર મનમાં પેદા થાય છે કે જીવન જેવી અમૂલ્ય વસ્તુનો ઉપયોગ કોઈક શ્રેષ્ઠ કામ માટે કરવો જોઈએ. પરંતુ બીજી ક્ષણે એવી જ લોભામણી પરિસ્થિતિ સામે આવીને ઊભી રહે છે, જેના કારણે પેલો સામાન્ય વિચાર ઊડી જાય છે અને મનુષ્ય જ્યાંનો ત્યાં એ જ તુચ્છ સ્થિતિમાં પડ્યો રહે છે. આવા પ્રકારના કાદવમાંથી બહાર કાઢવા માટે ભગવાન પોતાના ભક્તને ઝાટકો મારે છે. સૂતેલાને જગાડવા માટે જોરથી ઢંઢોળે છે. આ ઝટકો અને ઢંઢોળવાનું આપણને દુઃખદાયક લાગે છે.

મૃત્યુના દરવાજે લઈ જનાર બીમારી, પરમ મિત્ર અથવા સ્વજનનું મૃત્યુ, ભયંકર ખોટ, વિશ્વાસુ મિત્રો દ્વારા અપમાન

અથવા વિશ્વાસઘાત જેવા હૃદયને આઘાત પહોંચાડનારા પ્રસંગો એટલા માટે આવતા હોય છે કે, તેના જબરજસ્ત ઝટકાના આઘાતથી મનુષ્ય હાલી ઊઠે અને સજાગ થઈને પોતાની ભૂલ સુધારી દે. ખોટા માર્ગને છોડીને સાચા માર્ગ પર આવી જાય.

પૂર્વસંચિત શુભ સંસ્કારોના કારણે એટલા માટે દુ:ખ આવે છે કે શુભ સંસ્કારો એક સાચા ચોકીદારની જેમ પેલા મનુષ્યને ઉત્તમ માર્ગે લઈ જવા વિચારે છે, પરંતુ તેની પ્રવૃત્તિઓ પાપ તરફ વધતી હોય છે. આવું બને ત્યારે પેલા શુભ સંસ્કારો આને પોતાના ઉપરનું આક્રમણ સમજી લે છે અને તેનો બચાવ કરવા માટે પૂરો પ્રયત્ન કરે છે. કોઈક આદમી પાપકર્મ કરવા જઈ રહ્યો છે, પરંતુ રસ્તામાં એવું તો વિઘ્ન ઉપસ્થિત થઈ જાય છે કે જેના કારણે તે કાર્યમાં તેને સફળતા નથી મળતી અને પાપ થતાં થતાં બચી જાય છે. ચોરી કરવા જતાં રસ્તામાં પગ તૂટી જાય અને દુષ્કર્મ પૂરું ન થાય તો સમજી લેવું જોઈએ કે પૂર્વસંચિત શુભ સંસ્કારોના કારણે અથવા પુણ્યફળના કારણે આવું બન્યું છે.

ધાર્મિક કામ કરવામાં, કર્તવ્યધર્મનું પાલન કરવામાં અસાધારણ કષ્ટ સહન કરવું પડે છે. અભાવોનો સામનો કરવો પડે છે. આ ઉપરાંત દુષ્ટાત્માઓ પોતાના પાપપૂર્ણ સ્વાર્થો પર આઘાત થતો જોઈને તે ધર્મ સેવાની વિરુદ્ધ થઈ જાય છે અને વિવિધ પ્રકારની યાતનાઓ ભોગવવી પડે છે. આ પ્રકારનાં કષ્ટો સત્પુરુષોને ડગલે ને પગલે ભોગવવાં પડે છે. આ પુણ્ય અને તપશ્ચર્યાથી આવતાં દુ:ખો પોતાની સત્યતાની પરીક્ષા આપીને સ્વર્ણ સમાન ચમકાવનારાં દુ:ખો હોય છે.

જો કે કેટલાંક દુ:ખો પાપોના પરિણામસ્વરૂપે જ આવે છે જેમાં કોઈ શંકા નથી. પરંતુ કેટલાંક દુ:ખો ભગવાનની કૃપાથી, પૂર્વસંચિત શુભ સંસ્કારોથી અને ધર્મ સેવાની તપશ્ચર્યાથી આવે છે તે પણ નિશ્ચિત છે. આ રીતે આપણા ઉપર જ્યારે પણ કોઈક આપત્તિ આવી પડે તો એવું ન વિચારી લેવું કે અમે પાપી છીએ અથવા અભાગિયા કે ઈશ્વરના કોપને લાયક છીએ. શક્ય છે તે કષ્ટ આપણા પોતાના હિત માટે આવ્યું હોય, એ

દુઃખની આડમાં કોઈક લાભ પણ છૂપાયેલો હોય, પણ આપણું અલ્પજ્ઞ મગજ આજે તેને ઓળખી શક્યું ન હોય.

કેટલાક લોકો અનીતિ અને અત્યાચાર કરીને કોઈ નિર્દોષ લોકોને સતાવતા રહે છે. શોષણ, ઉત્પીડન અને અન્યાયનો ભોગ બનીને દુઃખ ભોગવે છે. અત્યાચારીને તો ભવિષ્યમાં દંડ મળશે જ, પણ અત્યારે તો નિર્દોષને જ દુઃખ સહન કરવું પડે છે. આવું બને ત્યારે તે દુઃખ સહન કરનાર વ્યક્તિનાં કર્મોનું ફળ છે એવું કહી શકાય નહીં.

અભ્યાસ કરનાર વિદ્યાર્થીને અનેક પ્રકારનાં દુઃખો સહન કરવાં પડે છે. માતાને બાળક ઉછેરવામાં ઓછી તકલીફ નથી પડતી. તપસ્વીઓ અને સાધુઓ લોકકલ્યાણ અને આત્મોન્નતિ માટે વિવિધ પ્રકારનાં દુઃખો સહન કરે છે. આ રીતે સ્વેચ્છાથી સ્વીકારવામાં આવેલાં દુઃખો અને જવાબદારી અદા કરવામાં પડતી તકલીફો અને કરવામાં આવતા સંઘર્ષો એને દુષ્કર્મોનું ફળ કહી શકાય નહીં.

દરેક મોજશોખ કરનારને પૂર્વજન્મનો ધર્માત્મા અને દરેક દુઃખ સહન કરનાર વ્યક્તિને પૂર્વજન્મનો પાપી કહેવો તે બરોબર નથી. આવી માન્યતા અનુચિત અને ભ્રમપૂર્ણ છે. આ ભ્રમના આધારે કોઈ વ્યક્તિ પોતાને ખરાબ સમજે, આત્મગ્લાની અનુભવે, પોતાને હલકો અને નિંદનીય સમજે તે જરૂરી નથી. કર્મની ગતિ ગહન છે. તેને આપણે સારી રીતે સમજી શકતા નથી. ફક્ત પરમાત્મા જ જાણે છે.

આપણે આપણાં કર્તવ્યો અને જવાબદારીઓ પૂરી કરવા માટે હરઘડી પ્રયત્નશીલ અને જાગૃત રહેવું જોઈએ. સુખ-દુઃખ જે કોઈ આવે તો તેનો ધીરજપૂર્વક સ્વીકાર કરવો જોઈએ. મનુષ્યની જવાબદારી તેના કર્તવ્યધર્મનું પાલન કરવાની છે. સફળતા-નિષ્ફળતા અથવા સુખ-દુઃખ અનેક કારણોથી મળતાં હોય છે, તેનું સાચું કારણ કોઈ જાણતું નથી.

❑ ❑ ❑

મુદ્રક : યુગ નિર્માણ યોજના પ્રેસ, મથુરા.